RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 355 Dt. 09-07-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




## પુલવામા આતંકી ઘટનામાં વપરાયેલ

# વિસ્ફોટકો amazonમાંથી ખરીદાયેલ : FATF

### FATFએ દાવો કર્યો હતો કે ૨૦૨૨ માં ગોરખનાથ મંદિર પર હુમલો કરનાર આતંકવાદીને PayPal દ્વારા પૈસા ચૂકવવામાં આવ્યા હતા : ભારતમાં આતંકવાદી હુમલા માટે સામગ્રી મેળવવા માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મના થઈ રહ્યો છે વ્યાપક ઉપયોગ

નવીદિલ્હી, તા. ૮

ગ્લોબલ ટેરર ફંડિંગ વોચડોગ FATFએ દાવો કર્યો છે કે ફેબ્રુઆરી ૨૦૧૯ ના પુલવામા આતંકવાદી હુમલામાં વપરાયેલા વિસ્ફોટકો એમેઝોન પાસેથી ખરીદવામાં આવ્યા હતા. FATFએ દાવો કર્યો હતો કે ૨૦૨૨ માં ગોરખનાથ મંદિર પર હુમલો કરનાર આતંકવાદીને PayPal દ્વારા પૈસા ચૂકવવામાં આવ્યા હતા. એપ્રિલ ૨૦૨૫ માં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરતા, FATFએ કહ્યું કે નાણાકીય સહાય વિના આવા હુમલા શક્ય ન હોત. FATF એ કહ્યું હતું કે તે આતંકવાદી ભંડોળનું વ્યાપક વિશ્લેષણ કરશે, જે તેના ૨૦૦ અધિકારક્ષેત્રોના વૈશ્વિક નેટવર્ક દ્વારા પૂરા પાડવામાં આવેલા કેસોનું સંકલન કરશે.

ભારતમાં આતંકવાદી હુમલા માટે સામગ્રી મેળવવા માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મના ઉપયોગનો કેસ સ્ટડી આપતાં, FATFએ જણાવ્યું હતું કે હુમલામાં ઉપયોગમાં લેવાતા ઇમ્પ્રુવાઇઝ્ડ વિસ્ફોટક ઉપકરણનો મુખ્ય ઘટક - એલ્યુમિનિયમ પાવડર - ઊર્ધ્વખ એમેઝોન પાસેથી ખરીદવામાં આવ્યો હતો. આ સામગ્રીનો ઉપયોગ વિસ્ફોટની અસર વધારવા માટે કરવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે ફેબ્રુઆરી ૨૦૧૯ માં, જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં ભારતીય સુરક્ષા દળોના કાફલાને નિશાન બનાવતા એક આત્મઘાતી બોમ્બ વિસ્ફોટમાં ૪૦ સૈનિકો માર્યા ગયા હતા. આ આતંકવાદી હુમલાનું કાવતરું જૈશ-એ-મોહમ્મદ દ્વારા ઘડવામાં આવ્યું હતું.



FATF રિપોર્ટમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે આતંકવાદીઓ ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને ઓનલાઈન માર્કેટપ્લેસનો દુરુપયોગ કરી રહ્યા છે અને કહ્યું છે કે આતંકવાદીઓ આવા પ્લેટફોર્મનો ઉપયોગ સાધનો, શસ્ત્રો, રસાયણો, ૩ડી-પ્રિન્ટિંગ સામગ્રી ખરીદવા માટે કરે છે. FATFએ જણાવ્યું હતું કે ઊર્ધ્વખ નો ઉપયોગ વેપાર-આધારિત મની લોન્ડરિંગ યોજનાઓ દ્વારા પ્રેરિત ભંડોળ ખસેડવાના હેતુઓ માટે થઈ શકે છે. ઓનલાઈન પેમેન્ટ સેવાઓ અને ટ્ઝ્ગ ના ઉપયોગ અંગેના કેસ સ્ટડીનો ઉલ્લેખ કરતા, FATFએ જણાવ્યું હતું કે ૩ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ, ગોરખનાથ મંદિર પર હુમલો કરવા માટે PayPal દ્વારા ૬૬૯,૮૪૧ રૂપિયા મોકલવામાં આવ્યા હતા. આ ઉપરાંત, આતંકવાદીને અન્ય વિદેશી સ્ત્રોત પાસેથી ૧૦,૩૨૩.૩૫ રૂપિયા પણ મળ્યા હતા. IP સરનામાંઓને અસ્પષ્ટ કરવા માટે ટ્ઝ્ગ સેવાઓનો ઉપયોગ કરવામાં આવતો હતો.

એપ્રિલ ૨૦૨૨ માં ગોરખનાથ મંદિર પર થયેલા હુમલાનો ઉલ્લેખ કરતા, FATFએ જણાવ્યું હતું કે આરોપીઓએ PayPal દ્વારા ISIS માટે લગભગ ₹ ૬.૬૯ લાખનું આંતરરાષ્ટ્રીય ભંડોળ પૂરું પાડ્યું હતું. આ સમય દરમિયાન આરોપીએ ટ્ઝ્ગ નો ઉપયોગ કરીને પોતાનું લોકેશન છુપાવ્યું. તેને વિદેશી ખાતાઓમાંથી પણ પૈસા મળતા હતા અને તે પૈસા ISIS સમર્થકોને મોકલતા હતા. આ સાથે, FATFએ જણાવ્યું હતું કે ઓનલાઈન પેમેન્ટ પ્લેટફોર્મ પર કરવામાં આવતા વ્યવહારોનું ટ્રેકિંગ મુશ્કેલ બની જાય છે કારણ કે તેમાં ઘણીવાર નકલી નામો, નકલી ખાતાઓ અને વ્યક્તિ-થી-વ્યક્તિ ટ્રાન્સફરનો સમાવેશ થાય છે. આનાથી તપાસ એજન્સીઓ માટે ભંડોળના સ્ત્રોત અને લાભાર્થીઓને શોધવાનું અત્યંત મુશ્કેલ બને છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કેટલાક દેશોની સરકારો આતંકવાદી સંગઠનોને નાણાકીય, લોજિસ્ટિકલ અને તાલીમ સહાય પૂરી પાડી રહી છે. ભારત પહેલા પણ પાકિસ્તાન પર આવા જ આરોપ લગાવી ચૂક્યું છે. ભારતનું કહેવું છે કે પાકિસ્તાન આતંકવાદીઓને આશ્રય આપવામાં અને તેમને હથિયારો પૂરા પાડવામાં સામેલ છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાનો પ્રારંભિક અહેવાલ સૂપરત

### પહેલું બ્લેક બોક્સ ૧૩ જૂને એક ઈમારતની છત પરથી અને બીજું ૧૬ જૂને કાટમાળમાંથી મળી આવ્યું હતું

નવીદિલ્હી, તા. ૮

AAIBએ અમદાવાદ વિમાન દુર્ઘટના અંગેનો પ્રારંભિક અહેવાલ નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને અન્ય સંબંધિત એજન્સીઓને સુપરત કર્યો છે. આ રિપોર્ટ એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-૧૭૧ ના ક્રેશ સંબંધિત પ્રારંભિક તારણો પર આધારિત છે. મંત્રાલયનું કહેવું છે કે ક્રેશ પ્રોટેક્શન મોડ્યુલને વિમાનના આગળના બ્લેક બોક્સમાંથી સુરક્ષિત રીતે દૂર કરવામાં આવ્યું હતું. ૨૫ જૂન, ૨૦૨૫ ના રોજ, તેના મેમરી મોડ્યુલને એક્સેસ કરવામાં આવ્યું અને ડેટા AAIBની દિલ્હી સ્થિત લેબમાં ડાઉનલોડ કરવામાં આવ્યો. ડેટાની ચોકસાઈ ચકાસવા માટે ''ગોલ્ડન ચેસિસ'' નામના સમાન બ્લેક બોક્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અકસ્માત પછી, પહેલું બ્લેક બોક્સ ૧૩ જૂને એક ઈમારતની છત પરથી



અને બીજું ૧૬ જૂને કાટમાળમાંથી મળી આવ્યું હતું. AAIBના DG તપાસનું નેતૃત્વ કરી રહ્યા છે. તપાસ ટીમમાં ભારતીય વાયુસેના, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ અને યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડના નિષ્ણાતોનો સમાવેશ થાય છે.

NTSB ટીમ હાલમાં દિલ્હીમાં હાજર છે. તે AAIB લેબમાં ભારતીય અધિકારીઓ સાથે મળીને ટેકનિકલ તપાસમાં રોકાયેલી છે. આ ઉપરાંત, બોઇંગ અને જનરલ ઇલેક્ટ્રિકના અધિકારીઓ પણ ટેકનિકલ સહાય માટે દિલ્હીમાં હાજર છે. ખાસ વાત એ છે કે આ તપાસ ટીમમાં એવિએશન મેડિકલ એક્સપર્ટ અને એર ટ્રાફિક કંટ્રોલ ઓફિસરને પણ સામેલ કરવામાં આવ્યા છે. અગાઉ, ગંભીર વિમાન અકસ્માતોના બ્લેક બોક્સને ડીકોડ કરવાનું કામ ભારતની બહાર કરવામાં આવતું હતું. ઉદાહરણ તરીકે, ૧૯૯૬ના ચરખી દાદરી અકસ્માતમાં, બ્લેક બોક્સને મોસ્કો અને ફાર્નબરો, યુકેમાં ડીકોડ કરવામાં આવ્યા હતા. ૨૦૧૦ માં મેંગલોર અકસ્માતમાં રેકોર્ડરનું સમારકામ અને ડીકોડિંગ યુએસ NTSB દ્વારા કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે, ૨૦૧૫ માં દિલ્હી અકસ્માતમાં કેનેડા અને ૨૦૨૦ માં કોઝિકોડ અકસ્માતમાં અમેરિકાની મદદ લેવામાં આવી હતી.

### દેશભરના ૨૫ કરોડથી વધુ કામદારો દેશવ્યાપી હડતાળમાં જોડાઈ તેવી સંભાવના

### કામદારોનો સરકારની 'મજૂર વિરોધી, ખેડૂત વિરોધી અને કોર્પોરેટ તરફી નીતિઓ' સામે વિરોધ

# ૨૫ કરોડ કામદારોનું દેશવ્યાપી હડતાળ

નવીદિલ્હી, તા. ૮

દેશભરના ટ્રેડ યુનિયનોએ ભારત બંધનું એલાન આપ્યું છે. બુધવારે દેશભરના ૨૫ કરોડથી વધુ કામદારો દેશવ્યાપી હડતાળ અથવા ભારત બંધમાં ભાગ લે તેવી અપેક્ષા છે. ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોના જોડાણ દ્વારા બોલાવવામાં આવેલી આ હડતાળનો હેતુ કેન્દ્ર સરકારની ''મજૂર વિરોધી, ખેડૂત વિરોધી અને કોર્પોરેટ તરફી નીતિઓ'' સામે વિરોધ કરવાનો છે. આ હડતાળને કારણે બેંકિંગ, વીમા, ટપાલ સેવાઓ, કોલસા ખાણકામ, પરિવહન અને જાહેર ક્ષેત્રના ઉદ્યોગો સહિતના મુખ્ય ક્ષેત્રોમાં ખોરવાવાની શક્યતા છે. ''બેંકિંગ, પોસ્ટલ, કોલસા ખાણકામ, ફેક્ટરીઓ અને રાજ્ય પરિવહન સેવાઓને અસર થશે,'' હિંદ મઝદૂર સભાના હરભજન સિંહ સિદ્ધુએ જણાવ્યું.

૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો દ્વારા સરકારની મજૂર વિરોધી અને ખેડૂત વિરોધી નીતિઓનો વિરોધ કરવા માટે બોલાવવામાં આવેલા ભારત બંધમાં દેશભરના ૨૫ કરોડથી વધુ કામદારો ભાગ લઈ રહ્યા છે. બંધથી પ્રભાવિત મુખ્ય ક્ષેત્રોમાં શામેલ છેઃ આ ઉપરાંત, ભારત બંધને કારણે રેલ્વે, બજારો, દુકાનો અને કટોકટી સેવાઓ પણ પ્રભાવિત થવાની સંભાવના છે.




જોકે, આવતીકાલે કટોકટી અને આરોગ્યસંભાળ સેવાઓ ખુલ્લી રહેશે. ખેડૂતો અને ગ્રામીણ કામદારો પણ વિરોધ પ્રદર્શનમાં જોડાઈ રહ્યા છે, જેના કારણે દેશવ્યાપી અસર વધુ તીવ્ર બની રહી છે. આ હડતાળના કારણે ઘણા વિસ્તારોમાં જાહેર સેવાઓ અને રોજિંદા જીવન ગંભીર રીતે ખોરવાઈ જવાની ધારણા છે. આ આંદોલનના કેન્દ્રમાં ગયા વર્ષે શ્રમ મંત્રી મનસુખ માંડવિયાને સુપરત કરાયેલ ૧૭-મુદ્દાની માંગણીઓનો ચાર્ટર છે. યુનિયનો કહે છે કે સરકારે તેમની ચિંતાઓને અવગણી છે અને એક દાયકાથી વધુ સમયથી વાર્ષિક મજૂર પરિષદ યોજવામાં નિષ્ફળ રહ્યા છે. સંયુક્ત કિસાન મોરચા અને અનેક કૃષિ મજૂર સંગઠનોએ હડતાળને ટેકો આપવાની જાહેરાત કરી છે. તેઓ આર્થિક સંકટ, બેરોજગારી અને વધતા જતા જીવન ખર્ચને ઉજાગર કરવા માટે ગ્રામીણ વિસ્તારોમાં રેલીઓ અને વિરોધ પ્રદર્શનોનું આયોજન કરવાની યોજના ધરાવે છે.

# કેરળની નિમિષા પ્રિયાને ૧૬મીના યમનમાં અપાશે ફાંસી

### જૂન ૨૦૧૮ માં, નિમિષા પ્રિયાને યમનમાં હત્યાના ગુનામાં દોષિત ઠેરવવામાં આવી હતી અને સ્થાનિક કોર્ટે તેને મૃત્યુદંડની સજા ફટકારી હતી



નવીદિલ્હી, તા. ૮

કેરળના પલક્કડની રહેવાસી નિમિષા પ્રિયાને ૧૬ જુલાઈના રોજ યમનમાં ફાંસી આપવામાં આવશે. વ્યવસાયે નર્સ નિમિષા યમનના નાગરિકની હત્યાના આરોપમાં જેલમાં છે. માનવાધિકાર કાર્યકર્તા સેમ્યુઅલ જેરોમના જણાવ્યા અનુસાર, જેલ અધિકારીઓએ નિમિષાને ફાંસીની તારીખ વિશે માહિતી આપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જૂન ૨૦૧૮ માં, નિમિષા પ્રિયાને યમનમાં હત્યાના ગુનામાં દોષિત ઠેરવવામાં આવી હતી અને સ્થાનિક કોર્ટે તેને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ત્યારથી અમે સરકારી મામલા પર નજીકથી નજર રાખી રહ્યા છીએ. સ્થાનિક અધિકારીઓ અને તેમના પરિવારના સભ્યો સાથે સતત સંપર્ક જાળવવામાં આવી રહ્યો છે અને શક્ય તમામ સહાય પૂરી પાડવામાં આવી રહી છે. સંબંધિત જવાબદાર લોકો આ બાબત પર સતત નજર રાખી રહ્યા છે.

નિમિષા પ્રિયા ૨૦૦૮ માં તેના માતાપિતાને મદદ કરવા માટે યમન ગઈ હતી. ત્યાં અનેક હોસ્પિટલોમાં કામ કર્યા પછી, તેમણે પોતાનું ક્લિનિક ખોલવાની યોજના બનાવી, જેના માટે તેમને સ્થાનિક નાગરિક તલાલ અબ્દો મહદી સાથે ભાગીદારી કરવી પડી કારણ કે યમનના કાયદા મુજબ, વિદેશી નાગરિકો એકલા વ્યવસાય ચલાવી શકતા નથી. પરંતુ ટૂંક સમયમાં જ મહદી અને નિમિષા વચ્ચે વિવાદ થયો. નિમિષા પ્રિયાએ મહદી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેના પગલે ૨૦૧૬ માં તેની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ થોડા સમય પછી તેને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો અને કથિત રીતે તે તેને ધમકી આપતો રહ્યો હતો. નિમિષાના પરિવારનો દાવો છે કે તેમણે મહદીને શામક દવાનું ઈન્જેક્શન આપ્યું હતું જેથી તે તેનો જપ્ત કરેલ પાસપોર્ટ પાછો મેળવી શકે પરંતુ ઓવરડોઝને કારણે તેનું મૃત્યુ થયું. નિમિષા પ્રિયાની ૨૦૧૮ માં ભાગી જવાનો પ્રયાસ કરતી વખતે ધરપકડ કરવામાં આવી હતી અને તેને હત્યાનો દોષી ઠેરવવામાં આવ્યો હતો.

યમનના કાયદામાં, 'બ્લડ મની' એટલે કે વળતર ચૂકવીને મૃત્યુદંડથી બચવાનો વિકલ્પ છે. પરંતુ આ રકમ પીડિત પરિવાર દ્વારા નક્કી કરવામાં આવે છે. જોકે, સપ્ટેમ્બર ૨૦૨૪ માં વાટાઘાટો તૂટી ગઈ, જ્યારે ભારતીય દૂતાવાસ દ્વારા નિયુક્ત વકીલ અબ્દુલ્લા આમિરે ડોલર ૨૦,૦૦૦ ની પૂર્વ-વાટાઘાટો ફીની માંગણી કરી. જુલાઈ ૨૦૨૪ માં વિદેશ મંત્રાલયે પણ ડોલર ૧૯,૮૭૧ ચૂકવ્યા હતા, પરંતુ આમિરે વાટાઘાટો શરૂ કરતા પહેલા બે હપ્તામાં કુલ ડોલર ૪૦,૦૦૦ ની માંગણી કરી હતી. સેવ નિમિષા પ્રિયા ઇન્ટરનેશનલ એક્શન કાઉન્સિલે ક્રાઉડફંડિંગ દ્વારા પહેલો ભાગ ઉભો કર્યો, પરંતુ બાદમાં ભંડોળમાં પારદર્શિતા અંગે પડકારો ઉભા થયા. કોચીમાં ઘરકામ કરતી નિમિષા પ્રિયાની માતાએ પણ પોતાનું ઘર વેચી દીધું. કેન્દ્ર અને કેરળ સરકારોને છેલ્લી વાર અપીલ કરતા તેમણે કહ્યું કે, હું સરકાર અને સમિતિનો આભારી છું પણ હવે સમય પૂરો થઈ રહ્યો છે. મારી દીકરીને બચાવો. આ મારી છેલ્લી વિનંતી છે.

### GST બન્યો ગુજરાતના વિકાસનો ઓથ

# કરદાતાની સંખ્યામાં ૧૨ લાખને પાર

# ૧૪૫ ટકાનો વધારો

## રાજ્યમાંથી ૨૦૨૪-૨૫માં રૂ. ૧,૩૬,૭૪૮ કરોડની GST આવક; ગત વર્ષ કરતા રૂ. ૧૧,૫૭૯ કરોડ વધુ




રાજકોટ, તા. ૮

એક સમય હતો જ્યારે ગુજરાતમાં વેટ (VAT), CST, ઓક્ટ્રોય, એન્ટ્રી ટેક્સ, સર્વિસ ટેક્સ અને કેન્દ્રીય આબકારી જકાત જેવા ઘણા બધા કર અમલમાં હતા. આ સિસ્ટમ ખૂબ જ જટીલ હતી, જેનાથી વેપારીઓને ટેક્સ ભરવામાં અનેક મુશ્કેલીઓ ઉદ્ભવતી હતી. ખાસ કરીને, વિવિધ રાજ્યોના અલગ-અલગ ટેક્સ રેટ અને નિયમો ઉપરાંત 'ટેક્સ પર ટેક્સ'ને કારણે વસ્તુઓ મોંઘી બનતી હતી અને વેપારમાં અવરોધો આવતા હતા. ગુજરાત જેવા નિકાસલક્ષી અને વેપાર-આધારિત રાજ્ય માટે આ પડકાર વધુ વિકટ હતો.

આ પડકારનો સામનો કરવા અને દેશની અર્થવ્યવસ્થાને નવી દિશા આપવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિપૂર્ણ નિર્ણયથી ભારતમાં ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાગુ કરવામાં આવ્યો હતો. આ નિર્ણયથી ભારતમાં વસ્તુની ખરીદી કે સેવા મેળવવા પર માત્ર એક જ GST કર લાગુ કરવામાં આવ્યો, જ્યારે અન્ય કરને નાબૂદ કરવામાં આવ્યા હતા. ''એક રાષ્ટ્ર, એક કર''ના સિદ્ધાંત સાથે GSTએ કર પ્રણાલીને સરળ બનાવી, કરચોરી ઘટાડી અને વ્યાપાર કરવામાં સરળતા લાવવાનો માર્ગ મોકળો કર્યો છે.

GST લાગુ થતા વેપારીઓ અને ગ્રાહકો માટે કરની ગણતરી અને તેને ભરવાની પ્રક્રિયા ખૂબ જ સરળ બની છે. આ ઐતિહાસિક કર સુધારણાના કારણે છેલ્લા ૮ વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં ગુજરાતનું યોગદાન નોંધપાત્ર રીતે વધ્યું છે. GSTએ ગુજરાતને વધુ પારદર્શક, કાર્યક્ષમ અને ગતિશીલ અર્થતંત્ર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. GST લાગુ થયા બાદ ગુજરાતમાં પ્રતિવર્ષ નવા કરદાતાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૮ વર્ષ પહેલા GST લાગુ થયો ત્યારે રાજ્યમાં ૫.૧૫ લાખથી વધુ કરદાતાઓ હતા, જેની સામે આજે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૪૫ ટકાના વધારા સાથે રાજ્યમાં કરદાતાઓની સંખ્યા ૧૨.૪૬ લાખને પણ પાર કરી ચૂકી છે, જે બમણાથી પણ વધુ છે. નોંધાયેલા કરદાતાઓની સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાત આજે દેશમાં ત્રીજા સ્થાને છે, જે તેની વધતી જતી આર્થિક પ્રવૃત્તિ અને કર શિસ્તનું ઉત્તમ ઉદાહરણ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતનો કરદાતા વૃદ્ધિ દર ૬.૩૮ ટકા નોંધાયો છે, જે રાષ્ટ્રીય વૃદ્ધિ દર ૩.૮૬ ટકા અને અન્ય રાજ્યોની સરખામણીએ ઘણો વધારે છે.

આ ઉપરાંત માલ-સામાનની અવર-જવરના ડિજિટલ ટ્રેકિંગ માટે બનાવવામાં આવતા ઈ-વે બિલમાં પણ ગુજરાત દેશમાં મોખરે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ગુજરાતના સપ્લાયરો દ્વારા કુલ ૧૩.૯૮ કરોડ ઈ-વે બિલ બનાવવામાં આવ્યા હતા. આ રીતે, ઈ-વે બિલ બનાવનાર સપ્લાયરોની સંખ્યાના આધારે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. તદુપરાંત, ગુજરાત ઈ-વે બિલના મૂલ્યની દ્રષ્ટિએ દેશમાં દ્વિતીય સ્થાને તેમજ કુલ ઈ-વે બિલની સંખ્યામાં દેશમાં ત્રીજા સ્થાને પહોંચ્યું છે.

### GSTથી મબલખ આવક

કરદાતાઓની સંખ્યામાં વૃદ્ધિની સાથે સાથે, ગુજરાતના રાજકોષમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાણા મંત્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ ગુજરાતમાંથી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રૂ. ૧,૩૬,૭૪૮ કરોડની GST આવક થઈ છે, જે ગત વર્ષની સરખામણીએ રૂ. ૧૧,૫૭૯ કરોડ વધુ છે. રાજ્યોમાંથી થયેલી GST આવકની દ્રષ્ટિએ ગુજરાત દેશમાં ત્રીજા સ્થાને છે અને ડોમેસ્ટિક GSTમાં પણ ગુજરાતનો ફાળો ૮.૨ ટકા નોંધાયો છે.

### ગુજરાતના રાજકોષમાં વધારો

રાજ્યને મળતી SGST અને IGSTની આવકમાં પણ ગુજરાતે મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫માં SGST અને IGSTના માધ્યમથી રાજ્યને કુલ રૂ. ૭૩,૨૦૦ કરોડની મહેસૂલી આવક થઈ છે, જે ગત વર્ષ કરતા રૂ. ૮,૭૫૨ કરોડ વધુ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં SGST અને IGSTની આવકમાં રાષ્ટ્રીય વૃદ્ધિ દર ૧૦.૩૧ ટકાની સરખામણીએ ગુજરાતે ૧૩.૬ ટકાનો વૃદ્ધિ દર નોંધાવ્યો છે. આ વધારાની આવક ગુજરાતમાં શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓના વિકાસ કાર્યોને વધુ વેગ આપશે.





# વરસાદ બાદ રોડ પર રિકાર્પેટિંગ-પેચવર્ક કાર્ય તેજ

## ત્રણેય નાયબ મ્યુનિસિપલ કમિશનર, અને ત્રણેય ઝોનના સિટી એન્જિનિયર દ્વારા રાઉન્ડ ધ ક્લોક ફિલ્ડમાં કામગીરીનું નિરીક્ષણ

રાજકોટ, તા. ૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદના કારણે ખરાબ થયેલા માર્ગો પર રિકાર્પેટિંગ, પેચવર્ક અને સમારકામની સહિતની કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ કામગીરીને ઝડપથી અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સામાન્ય જનતાને અવરજવર દરમિયાન મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવસ-રાત કામગીરી કરવામાં આવી રહી છે.

આ કામગીરી અંતર્ગત ઘણા વિસ્તારોમાં ખાડા બુરવાની કામગીરી પૂર્ણ થઇ ચૂકી છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં રિકાર્પેટિંગનું કાર્ય ચાલી રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકા કમિશનરના માર્ગદર્શન હેઠળ ત્રણેય ઝોનના નાયબ મ્યુનિસિપલ કમિશનરઓ તથા ત્રણેય ઝોનના સિટી એન્જીઓ રાઉન્ડ ધ ક્લોક કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છે. શહેરના તમામ ઝોનમાં વિવિધ વિસ્તારના રસ્તાઓની રીકાર્પેટીંગની કામગીરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પુરજોશમાં ચાલી રહી છે જેમાં રસ્તાની હાલત અનુસાર રિપેરિંગ, પેચવર્ક કે રિકાર્પેટિંગ કરવામાં આવી રહ્યું છે.

રાતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલ કામગીરીનું નિરીક્ષણ કરવા માટે નાયબ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની (ઈઅજ), ચેતન નંદાણી, હર્ષદ પટેલએ સેન્ટ્રલ ઝોનના રૂડા ઓફિસ પાસેના વિસ્તાર, ઈસ્ટ ઝોનના આજી ડેમ પાસેના વિસ્તાર અને વેસ્ટ ઝોનમાં રૈયા ચોકડી-બાપા સીતારામ ચોક પાસેના વિસ્તારમાં ફેરણી કરી હતી. તેમની સાથે સિટી એન્જી અતુલ રાવલ, કુંતેશ મહેતા. શ્રીવાસ્તવ તેમજ ડેપ્યુટી એન્જી. ઓ, સહાયક એન્જી.ઓ સહિતના અધિકારીઓ-કર્મચારીઓ ફીલ્ડમાં રહ્યા હતા.







# RSS ભગવા ધ્વજને ગુરુ તરીકે સ્વીકારે છે

## સંસ્કૃતિ જ્ઞાન, ત્યાગ અને સંન્યાસનાં પ્રતિક ભગવા ધ્વજને જ ગુરૂના રૂપમાં પ્રતિષ્ઠીત કરવાનો લેવાયો હતો નિર્ણય

રાજકોટ, તા. ૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં સ્વયંસેવકો કોઈ વ્યકિતને બદલે ભગવા ધ્વજને જ પોતાના માર્ગદર્શક અને ગુરૂ માને છે. જયારે સંઘના સ્થાપક ડો. હેડગેવારજીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી ત્યારે અનેક સ્વયંસેવકો ઈચ્છતા હતા કે સંસ્થાપક ના નાતે તેઓ જ આ સંગઠનના ગુરૂ બને. આ આગ્રહ છતા ડો. હેડગેવારજીએ હિન્દુ સંસ્કૃતિ જ્ઞાન, ત્યાગ અને સંન્યાસનાં પ્રતિક ભગવા ધ્વજને જ ગુરૂ ના રૂપમાં પ્રતિષ્ઠીત કરવાનો નિર્ણય કર્યો. હિન્દુ પંચાગ અનુસાર દર વર્ષે વ્યાસ પૂર્ણિમામાં ગુરુપૂર્ણિમાના દિવસે સંઘસ્થાને એકત્રીત થઈ સૌ સ્વયંસેવકો ભગવા ધ્વજનું વિધિવત પૂજન કરે છે અને ગુરુદક્ષિણા કરે છે. તેના મુખ્ય બે ઉદ્દેશ છે પ્રથમ પ્રાચીન ભારતની એ ગુરુ શિષ્ય પરંપરાને આગળ વધારવી જેમાં શિક્ષણ પૂર્ણ થયા બાદ તમામ શિષ્ય આદર અને કૃતજ્ઞતા ભાવથી પોતાના ગુરુને યથાશક્તિ દક્ષિણા આપતા હતા આમાં ધન કરતા કૃતજ્ઞતા નું મહત્વ વધારે હોય છે ગુરુપૂજન કાર્યક્રમ ૯૯ વર્ષથીઉજવવામાં આવે છે

ગુરુદક્ષિણા કાર્યક્રમની અવધરણ સંઘના પ્રારંભિક કાળમાં જ થઈ હતી. તેના મુખ્ય બે ઉદેશો હતા પ્રથમ સંગઠનના વિસ્તાર માટે સંગઠનની અંદરથી જ ધન વ્યવસ્થા કરવી. અને બીજું એવું સ્થાપિત કરવું કે સંઘમાં ભગવો ધ્વજ સર્વોચ્ચ ગુરુ છે સમયાંતરે ગુરુદક્ષિણા કાર્યક્રમ જે સ્વયંસેવકોસંઘ શાખામાં નિયમિતપણે આવી શકતા નથી તેમને વર્ષમાં એક વાર સંઘ સાથે જોડવાનું સશક્ત માધ્યમ બની ગયો.સમયની સાથે અનેક સ્વયંસેવકો જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં સંઘના પ્રમુખ સંગઠનોમાં કામ કરતા કરતા દેશભરમાં ફેલાઈ ગયા ત્યારે એવા સ્વયંસેવકો માટે સંઘ કાર્યાલય કે પછી અન્ય સભા ગારમાં અલગથી ગુરુદક્ષિણા કાર્યક્રમનું આયોજન થવા લાગ્યો .પ્રશાસન પત્રકારિતા,ચિકિત્સા વગેરે જેવા વ્યવસાય સાથે સંકળાયેલા લોકો નો ગુરુદક્ષિણા માટે સુવિધા અનુસાર અલગ અલગ કાર્યક્રમોનું આયોજન થાય છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દર વર્ષે ૬ ઉત્સવોનું આયોજન કરે છે. તેમાં ગુરૂપૂજન પણ અનેક દ્રષ્ટિએ મહત્વનું છે.સંઘની સ્થાપના ૧૯૨૫ ના દીવસે થઈ. ત્રણ વર્ષ બાદ સંઘે ૧૯૨૮ માં પ્રથમ વખત ગુરૂપૂજન નુ આયોજન કર્યુ હતુ. ત્યારથી માંડી આજદિન સુધી આ પરંપરા અબાધ રીતે ચાલતી આવી છે અને ભગવોધ્વજ સંઘમાં સર્વોચ્ચ સ્થાને બીરાજે છે.કેસરીયા ધ્વજ ને જ સંઘે સર્વોચ્ચ સ્થાન કેમ આપ્યુ ? તે પ્રશ્ન અનેક લોકો માટે આજે એક કોયડો સમાન છે. ભારત સહીત અન્ય દેશોમાં પણ એવા અનેક ધાર્મિક, આધ્યાત્મીક સંગઠનો છે જેઓના સંસ્થાપકો જ ગુરૂ માની તેમનું પૂજન કરવાની પરંપરા છે. ભકિત આંદોલનની સમૃદ્ધિ પરંપરા દરમ્યાન અને આજે પણ કોઈ વ્યકિતને ગુરૂ માનવા એ સામાન્ય બાબત છે. પરંતુ આ પરંપરાથી હટી સંઘમાં ડો. હેડગેવારજીની જગ્યાએ ભગવા ધ્વજને ગુરૂ માનવાનો વિચાર વિશ્વનાં સમકાલીન ઈતિહાસની અનોખી પહેલ છે. જે સંગઠન વિશ્વનું મોટુ સંગઠન બની ગયુ છે. તેનું સર્વોચ્ચ પદ જો એક ધ્વજને પ્રાપ્ત થયુ છે તો તે એક ચોકકસપણે ગંભીરતાપૂર્વક વિચાર કરવાનો વિષય છે.

લંકા ઉપર આક્રમણ કરતા સમયે ભગવાન રામે રઘુવંશની ધજા હેઠળ યુધ્ધ કર્યું હતું. કર્મ અને સ્કંધપૂરાણો અનુસાર રઘુવંશનો ધ્વજ પર ત્રણ ત્રીજયા અંકીત હતી. જે અગ્નિની જવાળાઓ સમાન હતી. તેના પર તેના કૂળદેવતા સૂર્યની છબી અંકીત હતી. તેમની પુષ્ટભૂમી લાલ હતી. યુધ્ધભૂમીમાં પ્રસ્થાન કરતા પહેલા યોધ્ધા પોતાના હાથોથી પોતાના રથ પર ધ્વજ લગાવતા હતા. મહાભારત કાળમાં અર્જુન યુધ્ધભૂમી પર જતા પહેલા પોતાના રથ નંદીઘોષની પરીક્રમા કરતા ત્યારબાદ કવચ ધારણ કરી પોતાની કપી ધ્વજા ફરકાવતા હતા. જેના ઉપર હનુમાનની છબી અંકીત હતી.

અંગ્રેજ રાજ વિરુદ્ધ ૧૮૫૭માં ભારતના પ્રથમ સ્વાધીનતા સંગ્રામ દરમિયાન કેસરિયા ધ્વજ નીચે તમામ ક્રાંતિકારીઓએ એક જૂથ થયા હતા આમ ભગવા ધ્વજના સંપૂર્ણ ઇતિહાસ અધ્યયન કરવાથી સ્પષ્ટ થાય છે કે ભગવાન અને હિન્દુ સમાજથી અલગ કરવો શક્યનથી આ ધ્વજ હિંદુ સમાજ અને હિન્દુ રાષ્ટ્રનું સહજ અને સ્વાભાવિક પ્રતીક છે હિન્દુ સમાજના સતત સંઘર્ષો અને વિજયના સાક્ષી છે હિન્દુ સંસ્કૃતિ અને હિન્દુ રાષ્ટ્ર વગર અધૂરું છે ભગવાન ધ્વજ વગર હિન્દુ ધર્મને આપને કલ્પના જ ન કરી શકીએ માટે ભગવા ધ્વજ ના અસ્તિત્વ પર એ વાતથી કોઈ ફરક નથી પડવાની કે તેને કોઈ સાસકીય માન્યતા મળી છે કે નથી મળતી આજે પણ અનેક સામાજિક રાજનીતિ સંગઠો નું જાતિઓ ઉપજાતિઓ માટે જ આદરણીય છે. બીજી એપ્રિલ ૧૯૩૧ માં કરાચીમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની બેઠક થઈ હતી જેમાં એક પ્રસ્તાવ કરવામાં આવ્યો સાત સદસ્યોની એક સમિતિ તત્કાલીન ઝંડા ને લઈ ઉઠતા સવાલોના જવાબો શોધવા સાથે સાથે કોંગ્રેસ તરફથી દેશના એક નવા પ્રસ્તાવિત ઝંડા પર વિચાર આપવાની જવાબદારી પૂરી કરશે સમિતિ ને અધિકાર આપવામાં આવ્યો છે આ તમામ સદસ્યો સાથે ૩૧ જુલાઈ ૧૯૩૧ સુધી પોતાનો અહેવાલ સોંપી દેવો.

આમ ભગવો ધ્વજ સદીઓથી ભારતીય સંસ્કૃતિ અને પરંપરા શ્રદ્ધેય પ્રતીકનો દરજ્જો મળ્યોછે. આ ધ્વજ ને સ્વયંસેવકો સાથે સમગ્ર રાષ્ટ્રીય આદર્શોના સર્વોચ્ચ પ્રતિકના રૂપમાં પ્રસ્તુત કર્યો તેથી અન્ય ભગિની સંસ્થાઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, ભારતીય મજદૂર સંઘ ,વનવાસી કલ્યાણ આશ્રમ, ભારતીય કિસાન સંઘ વિશ્વ હિન્દુ પરિષદ વગેરે જેવી અનેક સંગઠનો એ ભગવા ધ્વજને અપનાવી લીધો છે દેશભરમાં સંઘની શાખાઓમાં તો વિશિષ્ટ આકારના ભગવા ધ્વજ દરરોજ ફરકાવવામાં આવે છે સંઘ પ્રેરિત સંગઠનો પણ પોતાના સાર્વજનિક સમારોહમાં કેસરી ધ્વજનો પ્રયોગ કરે છે. રાષ્ટ્રીય પ્રતિક રૂપે ભારતના કરોડો લોકોના મનમાં વિશિષ્ટ સ્થાન બનાવી ચૂક્યું છે.

# આર્ષ વિદ્યામંદિર ખાતે કાલે ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી

## અમદાવાદ અને વોડદરામાં પણ થશે ગુરૂપૂજન : દયાનંદ સરસ્વતીજીના પાદુકાપૂજન બાદ પરમાત્માનંદ સરસ્વતીજીનું પણ થશે પૂજન

રાજકોટ તા. ૮

ગુરૂપૂર્ણિમા એ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનો એક મહત્વપૂર્ણ તહેવાર છે. અષાઢ મહિનાની પુનમના દિવસે ગુરૂ પ્રત્યે આદર તથા કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે ઉજવવામાં આવે છે. ગુરૂ એટલે અજ્ઞાનનો અંધકાર દૂર કરે તે વ્યક્તિત્વ ગુરૂ શિષ્યને પોતાના જ્ઞાનથી સાચા માર્ગ દોરી જાય છે અને તેની પ્રગતિમાં પણ મદદ કરે છે. દુનિયામાં બે પ્રકારના ગુરૂ છે. જેમાં પ્રથમ કે જે શિષ્યોને શિક્ષા અપે અને બીજા કે જે શિષ્યોને દિક્ષા આપે. ગુરૂપૂર્ણિમાએ કરવામાં આવતી પૂજા, ઉપવાસ અને દાન ખુબ જ પૂણ્યપૂર્ણ માનવમાં આવે છે. ત્યારે રાજકોટ ખાતે આવેલા આર્ષ વિદ્યામંદિર ખાતે ગુરૂપૂર્ણિમાના દિવસે ભક્તિસભર વાતાવરણમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવશે. જેમાં સવારે ૬ થી ૭:૩૦ સોમેશ્વર મહાદેવનું એકાદશ દ્રવ્ય રૂદ્રાભિષેક અર્ચના અને આરતિ ત્યાર બાદ સવારે ૭:૩૦ થી ૮ દરમિયાન પૂજ્ય દયાનંદ સરસ્વતીજીની પાદુકાપૂજન તથા ગુરૂ અષ્ટોત્તર અર્ચના તથા આરતિનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારેબાદ સવારે ૮ વાગ્યાથી ૯ વાગ્યા દરમિયાન ગુરૂદેવ સ્વામિ પરમાત્માનંદ સરસ્વતિનું પૂજન અને ધન્યાનંદ સરસ્વતીજીનું પૂજન કરવામાં આવશે.




પૂજન બાદ સ્વામિજી શિવાનંદ આશ્રમ અમદાવાદ જશે જયારે માતાજી એમના આશ્રમ વડોદરા જવા રવાના થશે. હાલ આશ્રમ તરફથી મળતી માહિતી મુજબ, અમદાવાદમાં બપોરે અને વડોદરામાં સાંજે ગુરૂપૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. એટલું જ નહિ મંદિર ટ્રસ્ટ દ્વારા શ્રામણ માસ એટલે કે ૨૫ જુલાઈથી ૨૮ ઓગસ્ટ દરમિયાન દરરોજ સવારે ૬:૩૦ થી ૮ કલાક સુધી ૧૧ દ્રવ્યોથી રૂદ્રાભિષેક અર્ચના અને શોડષોપચાર પૂજા અને આરતી કરવામાં આવશે.

# મોહરમ તાજીયા નિમિતે પો.કમિશનરનું સન્માન

## સદર તાજીયા કમીટીએ કહ્યું હિન્દુ-મુસ્લિમ સમાજે હાજરી આપી રાજકોટની એકતામાં સુર પુરાવ્યો

રાજકોટ, તા. ૮

સદર તાજિયા કમિટીના પ્રમુખ હબીબભાઈ ગનીબાપુ કટારીયા, મહામંત્રી એઝાઝબાપુ બુખારીની સંયુકત યાદીમાં જણાવાયું કે, શહીદો અને કરબલાની યાદમાં બનતા તાજીયા દર વર્ષની જેમ આ વર્ષે પણ મોહરમ નિમિતે હિન્દુ-મુસ્લિમ સમાજ દ્વારા કલાત્મક તાજીયા, ન્યાજે હુસેન છબીલ, હુસૈની મહેફીલ તકરીર અને ચોકે-ચોકે આમ ન્યાજના કાર્યક્રમો રાખવામાં આવેલ હતા. હિન્દુ-મુસ્લિમ સમાજે હાજરી આપી રાજકોટની એકતામાં પોતાનો સુર પુરાવેલ હતો.



રાજકોટ શહેરનાં કોમી એકતા હિમાયતી પોલીસ કમિશ્નર બ્રીજેશ ઝા , જે.સી.પી. મહેન્દ્ર બગડીયા , ઝોન-૧ સજજનસિંહ પરમાર , ડી.સી.પી. ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ , ડી.સી.પી. ટ્રાફીક પુજા યાદવ , ઝોન-૨ ડી.સી.પી. જગદીશ બાંગરવા , એ.સી.પી. રાધિકા ભારાઈ , પી.આઈ. વી.આર. વસાવા ,પી.એસ.આઈ. આર.કે. ગોહેલ, ડી-સ્ટાફ ને ફુલહાર કરી સન્માન કરેલ હતું. સાથે સાથે પોલીસ તંત્રનું સન્માન સાથે આભાર વ્યકત કરવામાં આવેલ હતો. આ તકે પોલીસ કમિશ્નર બ્રીજેશ ઝા સન્માનના પ્રત્યુતરમાં જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રનું પાટનગર રંગીલુ રાજકોટ ખરેખર કોમીએકતાની મિશાલ છે. રાજકોટમાં હિન્દુ-મુસ્લિમ બિરાદરો ભાઈચારાથી રહે છે તે કાબીલે તારીફ છે અને આ કોમીએખલાસ અને ભાઈચારો કાયમ રહે અને વધુ બળવતર બને તે માટે અભ્યર્થના આ વ્યકત કરી આયોજકોને અભિનંદન પાઠવેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સદર તાજીયા કમીટીના પ્રમુખ હબીબભાઈ ગનીબાપુ કટારીયા, મહામંત્રી એઝાઝબાપુ બુખારી, રજાકભાઈ કારયાણીયા, હાજી હુસેનભાઈ માંડરીયા, હાજી આમદભાઈ જીંદાણી, મહેબુબભાઈ બેલીમ, પરવેજભાઈ કુરેશી, ઈકબાલબાપુ બુખારી, અબ્દુલગફાર કુરેશી, શબ્બીરભાઈ કુવાડીયા, નટુભા બાપુ ઝાલા, મુન્નાભાઈ કેસરીયા, મેરાજભાઈ વિઘાણી, ઈકબાલભાઈ ચૌહાણ, ઈકબાલભાઈ મકરાણી, યુનુસભાઈ કટારીયા, નરેશભાઈ મકવાણા, સંજયભાઈ પાટડીયા, લોઈડભાઈ દલવાણી, સાજીદભાઈ સંધી, સોનુબાપુ ઈકબાલબાપુ બુખારી, અલ્તાફભાઈ બાવાણી, કિફલેન ગીરાચ વગેરે જહેમત ઉઠાવી હતી.તેમ સદર તાજીયા કમીટીના પ્રમુખ હબીબભાઈ ગનીબાપુ કટારીયા, મહામંત્રી એજાજબાપુ બુખારી અને મંત્રી યુનુસભાઈ હાસમબાપુ કટારીયાની યાદી જણાવે છે.

### રોજેબરોજ અનેક છેતરાઈ રહ્યા છે...છતાં લોકો જાગૃત થતાં નથીઃ બે મહિલા શિકાર બન્યા

# વર્ક વિઝાના નામે એક મહિલા સાથે થઈ સવા કરોડની ઠગાઈ

## જમીનના સોદાના નામે અન્ય મહિલા સાથે થઈ ચાલીસ લાખની છેતરપીંડી

અમદાવાદ, તા. ૮

વિદેશ જઈને સારી નોકરી બનાવવની કે પછી વેપારધંધો કરીને નામ અને દામ કમાવવની ઈચ્છા અનેક લોકોને હોય છે. જો કે વિદેશ જવા માટેના વર્ક પરમીટ વિઝા દરેકને સહેલાઈથી મળતાં હોતાં નથી. આ વાતનો લાભ લેભાગુ કહેવાતા એજન્ટો ઉઠાવીને વિદેશ જવા ઈચ્છુકો સાથે લાખો કરોડોની ઠગાઈ કરી રહ્યા છે. આવી ઠગાઈની ઘટનાઓ અટકતી જ નથી. વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે જેમાં મહિલા એજન્ટ સાથે વર્ક પરમીટ વિઝાના નામે અધધધ સવા કરોડથી વધુની ઠગાઈ કરવામાં આવી છે. અન્ય એક ફ્રોડની ઘટનામાં જમીનના સોદાના નામે એક મહિલા સાથે ચાલીસ લાખ સોળ હજારની છેતરપીંડી થઈ છે.

વર્ક પરમીટ વિઝાના નામે થયેલી છેતરપીંડીની ઘટના પર નજર કરીએ તો આ કિસ્સામાં સુરતના મહિલા શિકાર બન્યા છે. વ્યાજબી ભાવે વિદેશના વિઝા અને વર્ક પરમિટ અપાવવાની લાલચ આપીને દિલ્હીની એટ એ વિઝા હબના ત્રણ ડિરેક્ટરોએ સુરતની મહિલા ટ્રાવેલ્સ એજન્ટ પાસેથી રૂપિયા એક કરોડ ઓગણત્રીસ લાખ લઈ લીધા બાદ વિઝા અને પરમિટ નહીં આપી છેતરપિંડી કર્યાનો બનાવ ઉત્રાણ પોલીસમાં નોંધાયો છે. પોલીસ સુત્રોએ આપેલી માહિલ અનુસાર મોટા વરાછા એપલ હાટ્સમાં રહેતા શ્રધ્ધાબેને સંકેતભાઈ દોમડીયા મોટા વરાછા એ.આર. મોલમાં સ્પ્રાઉટ માઈગ્રેશન કાઉન્સલના નામે ભાગીદારીમાં વિઝા ઈમીગ્રેશનનું કામ કરે છે. તેમના ભાગીદાર કૃણાલ અને અંકુર ડોંડા અગાઉ વિઝાનું કામ કરતા હતા ત્યારે તેઓ ન્યુ દિલ્હી માલવીયાનગરમાં એટ એ વિઝા હબના નામે ઓફિસ ધરાવતા અફલાક એહમદ પાસે કામ સોંપતા હતા.




જેથી તેમને વિશ્વાસ બેસી ગયો હતો. શ્રધ્ધા અને તેના ભાગીદારે નવી ઓફિસ શરૂ કરતા તેમણે અફલાકનો સંપર્ક કર્યો હતો. જ્યારે અશફાતે કેનેડા, યુકે, અર્મેનિયા, ફિનલેન્ડ, જર્મની, સર્બીયા, ક્રોએશીયા દેશના વિઝા, વર્ક પરમિટ અપાવવાનું કહ્યું હતું. પોતાની એમ્બેસીમાં ઓળખાણ હોવાથી વ્યાજબીભાવે વિઝા અપાવશે. આ અફલાક અને તેના સાગરીતે દિપક અને રહીશે શ્રધ્ધા અને તેના ભાગીદારને સારૂ કમાશો એવી લાલચ આપી હતી. જેથી તેમણે અલગ અલગ સમય દરમિયાન અફલાકને ૭૦ કલાઈન્ટ આપ્યા હતા. આ કલાઈન્ટના રૂ, ૧,૨૯,૯૩,૫૧૦ અફલાકને મોકલી આપ્યા હતા. બાદમાં અફલાક, દિપક અને રહીશે તેમણે કલાઈન્ટ સોહમ પટેલના યુ.કે.ના વિઝા અને વર્ક પરમિટ મોકલી આપી હતી અને ઓફસ લેટરસ એપ્રુવ લેટર વગેરે મોકલી આપ્યા હતા. ત્યારબાદ સોહમ અમદાવાદ એરપોર્ટ પર જવા માટે નીકળ્યો ત્યારે અફલાકે ફોન કરીને હાલ નહીં મોકલવા માટે જણાવ્યું હતું.

જ્યારે તપાસ કરતા આ ટોળકીને તેમના કલાઈન્ટને આપેલા વિઝા વર્ક પરમિટ અને ઓફર લેટર બોગસ હોવાનુ માલુમ પડ્યું હતું. જેથી તેમણે કલાઈન્ટના આપેલા પૈસા પરત માંગતા આ ટોળકીએ પૈસા પણ પરત આપ્યા ન હતા. આખરે શ્રધ્ધાએ ઉત્રાણ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ આદરી છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ આ ઠગ ટોળકીએ વિદેશ વિઝા અને વર્ક પરમિટનો ભાવ નક્કી કર્યો હતો. જેમાં યુકેના એક વર્ષના વિઝાના ૬ લાખ, પાચ વર્ષના ૧૭ લાખ, કેનેડાના બે વર્ષના વિઝાના ૧૪ લાખ, અર્મેનીયીના ૧.૫૦ લાખ, ફિલેન્ડ, જર્મનીના ૭.૫૦ લાખ અને સર્બિયાના ૨.૫૦ લાખ વસુલતા હતા.

છેતરપીંડીના અન્ય એક બનાવમાં વડોદરામાં જમીન અપાવવાના બહાને ધોરાજીની મહિલા પાસેથી રૂપિયા ચાલીસ લાખ સોળ હજાર પડાવી લઈ છેતરપિંડી કરનાર સુરતના ત્રણ ગઠીયા વિરૂદ્ધ વરાછા પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ દાખલ થઈ છે. પોલીસના જણાવ્યા મુજબ રાજકોટ જીલ્લાના ધોરાજી ના નીલકંઠ સોસાયટીમાં રહેતા ગીતાબેન રમેશભાઈ વાગડીયા વ્યવસાયે ખેડૂત છે. તેમના જમાઈના મિત્ર પરેશ દામજી ઘેવરીયા (રહે. સૌરાષ્ટ્ર સોસાયટી વરાછા), જીતેશ લાભુ ઘેવરીયા (રહે. સાંઈ મિલન રેસીડેન્સી મોટા વરાછા) અને રાજુ લાલજી લુખી (રહે. ખોડીયારનગર નાના વરાછા) સાથે મિત્રતા હોવાથી પરિચય થયો હતો. વર્ષ ૨૦૧૪માં આ ત્રીપુટીએ ગીતાબેનને વડોદરા જિલ્લાના સુંદરપુરા ખાતે આવેલી જમીન વેચવાની હોવાનું જણાવ્યું હતું. જમીન મોકાની હોવા ઉપરાંત આ જમીનાં જીતેશ અને રાજુ પણ રોકાણ કરવાના હોવાનુ જણાવ્યું હતું.

જેથી ગીતાબેન જમીન જોવા માટે ગયા હતા. તેમને જમીન પસંદ થતા તેમની વચ્ચે ઓમઓયુ કરવાનું નક્કી થયુ હતું. જેમાં જમીન વેચાય તેનો નફાની ટકાવારી પણ નક્કી કરવામાં આવી હતી. જ્યારે વિશ્વાસ રાખીની ગીતાબેને આ ત્રીપુટીને રૂ.૪૦.૧૬ લાખ ચૂકવી આપ્યા હતા. પરેશે મૂળ માલિકીને થોડી રકમ આપીને સાટાખત કરી લીધા હતા. પરંતુ સમયસર નાણા નહીં ચૂકવતા મૂળ માલિકા તેમણે લીધેલી રકમ પરત ચૂકવી આપી જમીન અન્યને વેચી દીધી હતી. આની જાણ તથા ગીતાબેને પરેશ અને જીતેશ પાસે પોતાના પૈસા પરત માંગ્યા પણ આપ્યા નહોતા. અંતે પોલીસને જાણ કરવામાં આવી હતી. આમ એક મહિલા વર્ક પરમીટ વિઝાના નામે તો બીજા મહિલા જમીનના સોદાના નામે છેતરાઈ ગયા હતાં.

---

### આરોગ્ય વિભાગે લાતી પ્લોટ ,સદર બજાર અને જાગનાથ લોટમાં પાડ્યા ધરોડા
### નમૂના ફેલ થતાં થશે કાર્યવાહી : ૧૧ પેઢીધારકોને લાયસન્સ મેળવવા નોટિસ

# હિંગ, ઘી અને દૂધમાં મળી આવી ભેળસેળ



રાજકોટ, તા. ૮

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા 'નેન્સી ગૃહ ઉદ્યોગ', લાતી પ્લોટ કુવાડવા રોડ, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''બાંધાની હિંગ (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં આલ્કોહોલિક એક્સ્ટ્રેક્ટનું પ્રમાણ ધારાધોરણ કરતાં ઓછું હોવાથી નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે. તેમજ સદર પેઢી 'નેન્સી ગૃહ ઉદ્યોગ' માંથી ખાદ્યચીજ બાંધાની હિંગ (લુઝ)નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં આલ્કોહોલિક એક્સ્ટ્રેક્ટનું પ્રમાણ ધારાધોરણ કરતાં ઓછું તેમજ સિન્થેટીક ફૂડ કલર SUNSET YELLOW તથા TARTRAZINE ની હાજરી મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

'શ્રી પટેલ વિજય સ્વીટ એન્ડ નમકીન', જલારામ સોસાયટી, મોરબી રોડ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''શુધ્ધ ઘી (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં B.R. રીડિંગ ધારાધોરણ કરતાં વધુ, R.M. વેલ્યૂ ધારાધોરણ કરતાં ઓછી અને ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ)ની હાજરી આવેલ હોવાથી નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' (ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે. એવીજ રીતે 'શ્રી અમૃત ડેરી ફાર્મ આઈસ્ક્રીમ, બજરંગવાડી ચોક મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''મિક્સ દૂધ (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં SNF નું પ્રમાણ ધારાધોરણ કરતાં ઓછું હોવાથી નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગ દ્વારા 'રામકૃષ્ણ ડેરી ફાર્મ', જાગનાથ શેરી મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''મિક્સ દૂધ (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં B.R. રીડિંગ ધારાધોરણ કરતાં વધુ તથા ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ)ની હાજરી આવેલ હોવાથી નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર કરવામાં આવ્યો. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના નાનામવા સર્કલ થી રાજનગર ચોક વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૧ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૧૧ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

આરોગ્ય વિભાગ દ્વારા ૧૧ પેઢી ધારકોને લાયસન્સ મેળવવા બાબતે આદેશ આપવામાં આવ્યો જેમાં શિવ વડાપાઉં, જય સિયારામ રેસ્ટોરેન્ટ, નકળંગ રેસ્ટોરેન્ટ, શક્તિ કોલ્ડ્રિંક્સ, બજરંગ ભેળ, ખોડિયાર જનરલ સ્ટોર્સ, જય અંબે પ્રોવિઝન સ્ટોર, પટેલ ડેરી ફાર્મ, લક્ષ્મી શીંગ સેન્ટર , શ્રી રામ નાસ્તા, ક્રિષ્ના મારવાડી પાણીપૂરીનો સમાવેશ થયો.

---

# નગર પ્રાથમિક સમિતિની શાળાઓ આંગણવાડીમાં બાળકોને અપાઈ કીટ

### બાળકોમાં મોબાઈલનો ક્રેઝ એટલો વધી ગયો છે કે બાળકો પુસ્તકો અને રમકડા ભૂલી ગયા છેઃ માધવ દવે

રાજકોટ, તા. ૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગઈકાલે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વાંચન પ્રત્યેની અભિરૂચિ અને જ્ઞાનમાં વધારો કરવા શાળા માટે પુસ્તક કીટ તથા આઈ.સી.ડી.એસ.(અર્બન) હસ્તકની આંગણવાડીઓમાં અભ્યાસ કરતા બાળકોને અભ્યાસ સાથે આનંદ પ્રમોદમાં વધારો કરવા આંગણવાડી માટે રમકડા કીટવિતરણ કાર્યક્રમ યોજાયો.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત કુલ-૯૬ શાળાના વિદ્યાર્થીઓ માટેકુલ રૂ.૧૫.૬૭ લાખના ખર્ચે ૧૭,૬૪૩ પુસ્તકો ખરીદ કરવામાં આવી જ્યારે આઈ.સી.ડી.એસ.(અર્બન) હસ્તકની કુલ-૩૬૫આંગણવાડીના બાળકો માટે કુલ રૂ.૪૧.૩૫લાખના ખર્ચે ૬,૨૦૫ રમકડા ખરીદ કરવામાં આવ્યા . પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ, કોન્ફરન્સ હોલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.. આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેના વરદ હસ્તે કરવામાં આવ્યુ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન.મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહ્યા હતા.



આ કાર્યક્રમમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેએ જણાવેલ કે, પુસ્તક એ મારો મનગમતો વિષય છે. આજના બાળકોમાં મોબાઈલનો ક્રેઝ એટલો વધી ગયો છે કે બાળકો પુસ્તકો અને રમકડા ભૂલી ગયા છે. પૌરાણિક સમયની વાર્તાઓ ભૂલવા લાગ્યા છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શાળાઓમાં પુસ્તક અને આંગણવાડીઓમાં રમકડા કીટ વિતરણ કરી બાળકોના ભવિષ્યની ચિંતા કરી છે. અહીં ઉપસ્થિત શાળાના શિક્ષકો અને આંગણવાડીના બહેનો આપણા ભારતના ભવિષ્યના બાળકોનું જતન કરે છે, બાળક ભવિષ્યમાં કેવું બનશે તે પોતાનું ભવિષ્ય કઈ દિશામાં વાળવા માંગે છે, આ માટે બાળક વાંચન પ્રત્યે વધુ કેળવાઈ એ આપણે સૌએ ધ્યાન રાખવાનું છે. પુસ્તકમાં વાંચેલી ભવિષ્યમાં ખુબ કામ આવે છે. જો બાળક નાનપણથી દૈનિક વાંચનની ટેવ પડશે તો તે પોતાનું ભવિષ્ય સારું ઘડી શકશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત કુલ-૯૬ શાળાઓમાં કુલ ૩૩,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારાવિદ્યાર્થીઓની વાંચન પ્રત્યેની અભિરૂચિ અને જ્ઞાનમાં વધારો કરવા શાળા માટે ગુજરાતી માધ્યમની દરેક શાળા માટે ૧૮૫ પુસ્તકોની કિટ તથા અંગ્રેજી માધ્યમની દરેક શાળા માટે ૧૪૬ પુસ્તકોની કીટ આપવામાં આવી.

આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે સહીત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમનું શાબ્દિક સ્વાગત સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરદ્વારા કરવામાં આવેલ. મહાનુભાવોનું પુષ્પ અનેખાદીનો રૂમાલ આપી સ્વાગત શિશુ કલ્યાણ ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, માધ્યમિક શિક્ષણ અને આનુસાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમમાં નગર પ્રાથમિક સમિતિ સંચાલિતની ૯૬ શાળાઓ પૈકી ૧૫ શાળાઓના આચાર્યોને તેમજ તમામ ૩૬૫ આંગણવાડીઓ પૈકી ૧૫ આંગણવાડીઓના બહેનોને ડાયસ પરથી ટોકનરૂપે પુસ્તક કીટ અને રમકડા કીટનું લીસ્ટ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે અર્પણ કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે આભારવિધિ માધ્યમિક શિક્ષણ અને આનુસાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસિલાબેન સાકરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

---

### ગઠીયાગીરી કરનારાઓએ ગજબનો ખેલ કર્યોઃ કોન્ટ્રાક્ટર રૂબરૂ ગયા તો દૂકાન જ નહોતી

# દાગીના બનાવવાના નામે જ્વેલર્સ ૮૧ લાખ ખાઈ ગયા

### ભાઈના લગ્ન માટે સોનીને રોકડા આપી દીધા હતાંઃ પરંતુ ખરેટાણે જ સોનીએ રોન કાઢીઃ ફ્રોડની બીજી ઘટનામાં ફ્રેન્ચાઈઝીના નામે સાડા બાર લાખની ઠગાઈ

રાજકોટ તા. ૮

ગામને છેતરીને પોતાના ગજવા જેને ભરવા હોય છે તે ગમે તેમ કરીને ગઠીયાગીરી કરી રોકડી કરી લેતાં હોય છે. છેતરપીંડીના સતત વધી રહેલા કિસ્સાઓ વચ્ચે વધુ આવી ઘટનાઓ સામે આવી છે. એક બનાવમાં સોનાના દાગીના બનાવી આપવાના બહાને લેબર કોન્ટ્રાક્ટરના અધધધ બ્યાંસી લાખ એકત્રીસ હજાર ખાઈ જવાયા છે. કોન્ટ્રાક્ટરને ભાઈના લગ્ન માટે દાગીના બનાવવા હોઈ ઓર્ડર આપ્યો હતો. પરંતુ કોન્ટ્રાક્ટર તપાસ કરવા ગયા ત્યારે ઠામુકી દૂકાન જ વેંચીને જ્વેલર્સ ભાગી ગયાની જાણ થતાં તેઓ ચોંકી ગયા હતાં. ફોન કરી એડવાન્સમાં ચુકવેલા નાણા કોન્ટ્રાક્ટરે પાછા માંગતા જ્વેલર્સ દ્વારા લાજવાને બદલે ગાજતા હોય તેમ મારી નાખવાની ધમકી અપાઈ હતી. ફ્રોડના અન્ય એક બનાવમાં લોજીસ્ટીક ફ્રેન્ચાઈઝીના ઓઠા તળે વીસ લાખની ઠગાઈ કરવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો વટવામાં રહેતા યુવકે નાના ભાઈના લગ્ન નક્કી થતાં ઓળખીતા જ્વેલર્સ પાસે દાગીના બનાવાનો ઓર્ડર આપ્યો હતો અને રૂપિયા એક્યાસી લાખ બત્રીસ હજાર રોકડા ચૂકવ્યા હતા. લગ્ન નજીક આવ્યા આવતા ઘોડાસર ખાતે દુકાને તપાસ કરતા દુકાન બીજાને વેચીને નાસી ગયા હતા, જો કે દાગીના આપવાના બદલે ધમકી આપી કે દાગીના માંગશો તો જાનથી જશો બરબાદ કરી નાખીશું. આ બનાવ અંગે બનાવ વટવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુ માહિતી અનુસાર વટવામાં રહેતા અને ખાનગી કંપનીમાં લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા યુવકે વટવા પોલીસ સ્ટેશનમાં ઘોડાસરમાં બે લોકો સામે ફરિયાદ નોંધાવી છે તેમના નાનાભાઈની સગાઈ થઈ ગયા બાદમાં લગ્ન લેવાનું નક્કી થયું હતું. જેથી પરિચીત મિત્રના બાલાજી જ્વેલર્સના આરોપી સોનીને દાગીના બનાવવાનો ઓર્ડર આપ્યો હતો.




તેમજ દાગીના બનાવવા માટે ટુકડે ટુકડે કુલ રૂપિયા ૮૨.૩૨ લાખ પણ ચૂકવ્યા હતા. નાના ભાઈના લગ્ન નજીક આવતા હોવાથી દાગી અંગે વાત કરતા આરોપીઓએ હમણાં થોડા દિવસમાં દાગીના બનીને આવી જશે એટલે ઘરે આવીને તમને આપી દઈશું તેવી વાતો કરી હતી. લગ્ન નજીક આવતાં દુકાને તપાસ કરતાં દુકાન બીજાને વેચીને નાસી ગયા હતા, જો કે દાગીના આપવાના બદલે ધમકી આપી કે દાગીના માંગશો તો જાનથી જશો બરબાદ કરી નાખીશું. આ ઘટના અંગે બનાવ વટવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ફ્રોડની અન્ય એક ઘટના અંકલેશ્વરમાં બની છે. અહિ ડાલ્લસ ઈકોમ ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડ કંપનીના નામે મોટી છેતરપિંડી સામે આવી છે. આમ્રપાલી સોસાયટીના રહેવાસી વૈભવ ચંગોઈવાલા જમીન લે-વેચનો વ્યવસાય કરે છે. તેમણે લેપટોપમાં સોશીયલ મિડીયાના ઉપયોગ કરતી વખતે એક જાહેરાત જોઈ હતી. જાહેરાતમાં ડાલ્લસ ઈકોમ ઈન્ફોટેક કંપનીએ ફ્રેન્ચાઈઝી ડિલર્સ બનવાની તક આપી હતી. કંપનીએ દર મહિને ચારથી પાંચ લાખની કમાણીનું આશ્વાસન આપ્યું હતું. કંપનીના સીઈઓ અરુણકુમાર દાસ અને ઝોનલ મેનેજર આશિષ ધોળકિયાએ વૈભવભાઈને વિશ્વાસમાં લીધા હતાં. આ પછી સામેવાળાએ રૂ.૧૫ લાખની સિક્યુરિટી ડિપોઝિટ માંગી. વધુમાં રૂ.૫૦ હજાર સોફ્ટવેર ફી અને રૂ.૪ લાખ ફ્રેન્ચાઈઝી ઓફિસ માટે માગ્યા.

આ રીતે વૈભવભાઈએ કુલ રૂ.૧૯.૫૦ લાખની રકમ પડાવ્યા બાદ આરોપીઓએ વચન મુજબ રિટર્ન આપ્યુ નહોતું. અંતે છેતરાયેલા વૈભવભાઈએ અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બંને ઠગ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે એફઆઈઆર દાખલ કરી ગઠીયાગીરી કરનારાઓને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# છાંગુર કપટ

## ધર્મના નામે અધર્મનું મિશન ગુજરાતમાં પણ એલર્ટ રહેજો



ભારત બાબાઓનો દેશ છે. વિવિધ પ્રકારના, વિવિધ સાઇઝના અને વિવિધ સ્તરના બાબાઓ ગામે-ગામ ઉપલબ્ધ છે. ઉત્તર પ્રદેશના લખનૌમાંથી છાંગુર બાબા નામના એક ધર્મગુરૂની ધરપકડ થઇ છે. આ બાબા ધર્મના નામે અધર્મનું મિશન ધમધમાવતા હતા તેવો આરોપ લાગ્યો છે.

છાંગુર બાબાના કાર્યો આંખે અંધારા લાવી દે તેવા છે. અમન-શાંતિના નામે છાંગુર બાબાએ ધર્મને કલંક લગાવતા મિશન શરૂ કર્યા હતા. છાંગુર બાબાનું મૂળ નામ જમાલુદ્દીન છે. આ માણસ બાબા બની ગયો અને ધર્મના આંચળો ઓઢીને ધર્માંતરણના મોટાપાયે ખેલ કરતો હતો. જાહેર થયેલી વિગતો પ્રમાણે છાંગુર ગેંગના વિવિધ બેંકોમાં રૂા. ૧૦૦ કરોડના વ્યવહારો જાહેર થયા છે. હજુ આ અંગે તપાસ ચાલી રહી છે.

હિન્દુઓના ધર્માંતરણ માટે જુદા-જુદા પેકેજ છાંગુર ગેંગે બનાવ્યા હતા. બ્રાહ્મણ-ક્ષત્રિય વગેરે સમાજની યુવતીઓનું ધર્મ પરિવર્તન કરાવે તો છાંગુર રૂા. ૧૫ લાખ આપતો હતો. પછાત વર્ગની યુવતીઓ માટે ભાવ રૂા. ૧૦ લાખ હતો. છાંગુર ગેંગના સભ્યોએ ૪૦ ઇસ્લામિક દેશોના પ્રવાસ કર્યા છે અને રૂા. ૧૦૦ કરોડનું મહાકાય તંત્ર વિકસાવી દીધું છે. અનેક લોકોના ગેરકાયદે ધર્મ પરિવર્તન કરાવ્યાના અહેવાલો છે. છાંગુર ગેંગનું નેટવર્ક વિવિધ રાજ્યોમાં વિસ્તર્યું હોવાનું પણ માનવામાં આવે છે.

અહેવાલો પ્રમાણે છાંગુર ગેંગ હિન્દુ વિસ્તારોમાં ઊંચી કિંમત આપીને પ્રોપાર્ટી ખરીદીને એ વિસ્તાર પર કબજો જમાવવાનું અભિયાન પણ ચલાવી રહી છે. આ સમગ્ર નેટવર્કનો પર્દાફાસ થવો જરૂરી છે.

આવા નેટવર્કથી ગુજરાતે પણ એલર્ટ રહેવાની જરૂર છે. આ સ્થાનેથી અનેક વખત લખવામાં આવ્યું છે કે, ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં છેલ્લા ૧૦-૧૨ વર્ષોથી શંકાસ્પદ પ્રવૃત્તિ વધી ગઇ છે. દરેક વિસ્તારો અને દરેક વ્યવસાયોમાં વિધર્મીઓનો પાવર વધી ગયો છે. મોંઘીદાટ પ્રોપર્ટી ખરીદીને એ વિસ્તારમાં પ્રભાવ જમાવી દે છે. રાજકોટમાં પણ દરેક વિસ્તારોમાં વિધર્મી પ્રભાવ વધી ગયો છે. વ્યવસાયી ક્ષેત્રથી માંડીને ગુન્હાખોરીના ક્ષેત્રમાં અચાનક વધેલો પ્રભાવ વિચારણીય છે. કંઇક વિશેષ મિશનનો ભાગ હોઇ શકે છે.

આ મુદ્દે મૌન, નિસ્ક્રિય અને સહનશીલ રહેવું ભારે પડે તેમ છે. પરપ્રાંતીય ચહેરા વધી રહ્યા છે. કોઇ ખાસ આવક ન હોય તો પણ મોંઘી પ્રોપર્ટી ખરીદાઇ રહી છે. આશ્ચર્ય એ છે કે, એક દાયકાથી શંકાસ્પદ પ્રવૃત્તિઓ ચાલે છે. તેના ખરાબ પરિણામો આવવા લાગ્યા છે. છતાં સમાજમાં-સરકારમાં આ અંગે ગંભીરતા જોવા મળતી નથી.

પાણી આવતા પહેલા પાળ બાંધવાની હોય, પાણી આવી જાય પછી પણ નિસ્ક્રિય રહે એ સમાજે ડુબવાનું જ રહે છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# રાષ્ટ્રપતિ મુર્મુનું 'અપમાન' કરનાર ખડગે માફી માંગે

## ભાજપ પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કોંગ્રેસ પર સાધતા કહ્યું, કોંગ્રેસ દલિત વિરોધી માનસિકતા દર્શાવે છે

નવીદિલ્હી, તા. ૮

ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પર નિશાન સાધ્યું. એક પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું કે જ્યારે કોઈ વ્યક્તિ સખત મહેનત દ્વારા દેશના સર્વોચ્ચ બંધારણીય પદ પર પહોંચે છે, ત્યારે કોંગ્રેસના નેતાઓ તેની ઈર્ષ્યા કરે છે. જ્યારે અધીર રંજન ચૌધરીએ માનનીય રાષ્ટ્રપતિને 'રાષ્ટ્રપત્ની' કહીને સંબોધ્યા, ત્યારે પત્રકારોએ તેમની ટીકા કરી, પરંતુ તેમણે કોઈ પસ્તાવો દર્શાવ્યો નહીં - કારણ કે આ નેતાઓ ફક્ત એક જ વાત જાણે છે - 'કોંગ્રેસ હાઈકમાન્ડ સમક્ષ નમન'. તેઓ બંધારણીય હોદ્દાઓની ગરિમાની પરવા કરતા નથી કે તેમનો આદર કરતા નથી.

ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ વધુમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી માટે વાંધાજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. આ કોંગ્રેસ પક્ષની દલિત વિરોધી માનસિકતા દર્શાવે છે. મલ્લિકાર્જુન ખડગે દ્રૌપદી મુર્મુને મુરમા જી કહીને બોલાવે છે અને પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને કોવિડ કહે છે. ખડગે દ્રૌપદી મુર્મુને જમીન માફિયા કહે છે અને કહે છે કે તે આપણી જમીન અને જંગલો



છીનવી લેવા માટે રાષ્ટ્રપતિ બની છે. રાહુલ ગાંધીના ઈશારે રિમોટ-કંટ્રોલ્ડ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા આપવામાં આવી રહેલા આદિવાસી વિરોધી, દલિત વિરોધી, મહિલા વિરોધી અને બંધારણ વિરોધી નિવેદનોની આખો દેશ નિંદા કરી રહ્યો છે.

ગૌરવ ભાટિયાએ કહ્યું કે મલ્લિકાર્જુન ખડગે રાહુલ ગાંધીના ઈશારે દલિત વિરોધી, મહિલા વિરોધી અને આદિવાસી વિરોધી નિવેદનો આપી રહ્યા છે. શું આ બંધારણને ટુકડા કરી નાખવા જેવું નથી? બધા જાણે છે કે જમીન માફિયા કોંગ્રેસ પરિવારના રોબર્ટ વાડ્રા છે, જે જમીનો હડપ કરે છે. ઉદિત રાજ, અધીર રંજન ચૌધરીએ દ્રૌપદી મુર્મુ માટે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. કોંગ્રેસના નેતા અજય કુમારે પણ રાષ્ટ્રપતિ વિશે વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે. અધીર રંજન ચૌધરીએ માફી માંગી હતી અને તેને જીભની લપસણ ગણાવી હતી, પરંતુ મલ્લિકાર્જુન ખડગેના નિવેદન પછી, તેને એવું માની શકાય નહીં. શું તે માફી માંગશે અને શું તેને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવશે?

# ટ્રમ્પના 'ભારત-પાકિસ્તાન સંઘર્ષ અટકાવવા' બાબતે સૌને અકળાવતું મોદીનું મૌન

## કોંગ્રેસના મહાસચિવ અને સંદેશાવ્યવહારના પ્રભારી જયરામ રમેશે જણાવ્યું હતું કે, ''છેલ્લા ૫૯ દિવસમાં ઓછામાં ઓછી ૨૧મી વખત, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું છે કે તેમણે ''મે મહિનામાં ચાર દિવસના ભારત-પાકિસ્તાન યુદ્ધને અટકાવ્યું હતું

નવીદિલ્હી, તા. ૮

કોંગ્રેસે મંગળવારે જણાવ્યું હતું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઓછામાં ઓછી ૨૧મી વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે ''યુદ્ધવિરામ'' લાવવાના પોતાના દાવાઓનું પુનરાવર્તન કર્યું છે, અને પૂછ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મુદ્દા પર પોતાનું ''મૌન'' ક્યારે તોડશે. સોમવારે તેમના ભાષણમાં. ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અટકાવ્યા હોવાના દાવાને પુનરાવર્તિત કર્યો, અને બંને પડોશીઓને કહ્યું કે જો તેઓ લડાઈ ચાલુ રાખશે તો વોશિંગ્ટન તેમની સાથે વ્યવસાય કરશે નહીં. કોંગ્રેસના મહાસચિવ અને સંદેશાવ્યવહારના પ્રભારી જયરામ રમેશે જણાવ્યું હતું કે, ''છેલ્લા ૫૯ દિવસમાં ઓછામાં ઓછી ૨૧મી વખત, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું છે કે તેમણે ''મે મહિનામાં ચાર દિવસના ભારત-પાકિસ્તાન યુદ્ધને અટકાવ્યું હતું.

યુદ્ધ પરમાણુ સંઘર્ષમાં ફેરવાવાની તૈયારીમાં હતું. ટ્રમ્પે કહ્યું છે કે ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થયા હતા કારણ કે તેઓ અમેરિકા સાથે વેપારના વચનથી લલચાયા હતા. બીજા શબ્દોમાં કહીએ તો, તેમનો સંદેશ હતોઃ યુદ્ધ તાત્કાલિક બંધ કરો અથવા અમેરિકન બજારો અને સંભવતઃ રોકાણો ગુમાવવાની વાસ્તવિક સંભાવનાનો સામનો કરો.



રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ બધું એ જ સમયે કહ્યું જ્યારે તેઓ જાહેરાત કરી રહ્યા હતા કે ભારત અને પાકિસ્તાન સાથે અમેરિકાનો વેપાર કરાર ખૂબ જ ટૂંક સમયમાં જાહેર થવાનો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ લાવવાના પોતાના દાવાને પુનરાવર્તિત કરતા ટ્રમ્પે કહ્યું, ''અમે છેલ્લા ત્રણ અઠવાડિયામાં ભારત અને પાકિસ્તાન, સર્બિયા, કોસોવો, રવાન્ડા અને કોંગો અને આ બધા સાથે કામ કર્યું છે, અને અન્ય જે લડવા માટે તૈયાર હતા.'' ''અને અમે ઘણા બધા યુદ્ધો બંધ કર્યા. મને લાગે છે કે સૌથી મોટું, પ્રમાણિકપણે, ખૂબ જ મોટું, ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ હતું. અને અમે તેને વેપાર પર રોકી દીધું,'' તેમણે કહ્યું.

અમે કહ્યું કે જો તમે લડવાના છો તો અમે તમારી સાથે બિલકુલ વ્યવહાર નહીં કરીએ. અને તેઓ કદાચ પરમાણુ તબક્કામાં હતા. બંને પરમાણુ શક્તિઓ છે. ''અને મને લાગે છે કે તેને રોકવું ખૂબ જ મહત્વપૂર્ણ હતું,'' શ્રી ટ્રમ્પે કહ્યું. ૧૦ મેથી, શ્રી ટ્રમ્પે ઘણી વખત તેમના દાવાને પુનરાવર્તિત કર્યા છે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને ઓછો કરવામાં મદદ કરી છે અને તેમણે પરમાણુ સશસ્ત્ર દક્ષિણ એશિયાઈ પડોશીઓને કહ્યું હતું કે જો તેઓ સંઘર્ષ અટકાવે તો અમેરિકા તેમની સાથે ઘણો વધુ વેપાર કરશે. પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ભારતે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પાકિસ્તાન દ્વારા નિયંત્રિત વિસ્તારોમાં આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યું. આ હુમલાઓથી ચાર દિવસની ભીષણ લડાઈ શરૂ થઈ જે ૧૦ મેના રોજ લશ્કરી કાર્યવાહી બંધ કરવાના કરાર સાથે સમાપ્ત થઈ. નવી દિલ્હીએ કહ્યું છે કે તે દિવસે ભારતના ઉગ્ર વળતા હુમલાએ પાકિસ્તાનને દુશ્મનાવટનો અંત લાવવાની વિનંતી કરવા મજબૂર કર્યું.

# દુર્લભ ખનિજોના સ્ત્રોત માટે ભારતની ઓસ્ટ્રેલિયા સાથે વાતચીત

## ભારત માટે શરૂઆતના તબક્કામાં બ્લોક્સ લેવાની અને જૂજ કંપનીઓ સાથે જોડાણ કરવાની તક : મહત્વપૂર્ણ ખનિજોમાં સમેરિયમ, ગેડોલિનિયમ, ટર્બિયમ, ડિસપ્રોસિયમ અને લ્યુટેટીયમનો સમાવેશ જે ઈલેક્ટ્રિક મોટર્સ, બ્રેકિંગ સિસ્ટમ્સ, સ્માર્ટફોન અને મિસાઈલ ટેકનોલોજીમાં આવશ્યક

નવીદિલ્હી, તા. ૮

ઓસ્ટ્રેલિયાના એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે, ભારત દુર્લભ પૃથ્વી ખનિજોના સ્ત્રોત માટે ઓસ્ટ્રેલિયા સાથે વાતચીત કરી રહ્યું છે. ચીનના નિકાસ પ્રતિબંધોને કારણે દુર્લભ પૃથ્વી ચુંબકની અછતને પગલે આ વિકાસ મહત્વપૂર્ણ બની રહ્યો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા દુર્લભ પૃથ્વી વિશે વાત કરી રહ્યા છે અને બ્લોક્સ ઉપલબ્ધ છે. તેથી ભારત માટે શરૂઆતના તબક્કાના બ્લોક્સ લેવાની અને કેટલીક કંપનીઓ સાથે જોડાણ કરવાની તક છે, ઓસ્ટ્રેલિયાની ન્યૂ સાઉથ વેલ્સ સરકારના વેપાર અને રોકાણ કમિશનર માલિની દત્તે જણાવ્યું હતું.

ઈન્ડિયા એનર્જી સ્ટોરેજ એલાયન્સ (IESA) દ્વારા આયોજિત ઈન્ડિયા એનર્જી સ્ટોરેજ વીક (IESW) ૨૦૨૫ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, દુર્લભ પૃથ્વી ઉપરાંત, ભારતના ખાનગી અને જાહેર ક્ષેત્રો બંનેએ ઓસ્ટ્રેલિયામાં કોપર બ્લોક્સમાં રસ દાખવ્યો છે. મારી કેટલીક વાતચીતો પરથી, તાંબામાં પણ ઘણો રસ જાગ્યો છે. ખાનગી ક્ષેત્ર અને કોપર (બ્લોક્સ) શોધી રહેલા PSU બંને તરફથી રસ છે, માલિનીએ જણાવ્યું.

તમે જાણો છો કે ત્યાં સ્મેલ્ટર્સ છે અને અદાણી જેવી કંપનીઓએ મોટા રોકાણો કર્યા છે. ક્ષમતા ઉપલબ્ધ છે. ત્યાં તાંબાનો પુષ્કળ જથ્થો છે. આ એક



એવો વિસ્તાર છે જેના પર લોકો નજર રાખી રહ્યા છે,'' તેમણે કહ્યું. દુર્લભ પૃથ્વી તત્વો અને સંબંધિત ચુંબકોની નિકાસ પર ચીનના પ્રતિબંધો સ્થાનિક ઓટો અને વ્હાઈટ ગુડ્સ ક્ષેત્રોને અસર કરી રહ્યા છે. ચીન ચુંબક માટે વૈશ્વિક પ્રક્રિયા ક્ષમતાના ૯૦ ટકાથી વધુને નિયંત્રિત કરે છે, જેનો ઉપયોગ ઓટોમોબાઈલ્સ, ઘરેલું ઉપકરણો અને સ્વચ્છ ઊર્જા સહિતના વિવિધ ક્ષેત્રોમાં થાય છે. મહત્વપૂર્ણ સામગ્રીમાં સમેરિયમ, ગેડોલિનિયમ, ટર્બિયમ, ડિસપ્રોસિયમ અને લ્યુટેટીયમનો સમાવેશ થાય છે, જે ઇલેક્ટ્રિક મોટર્સ, બ્રેકિંગ સિસ્ટમ્સ, સ્માર્ટફોન અને મિસાઈલ ટેકનોલોજીમાં આવશ્યક છે.

દુર્લભ ખનિજ ચુંબક માટે વૈશ્વિક પ્રક્રિયા ક્ષમતાના ૯૦ ટકા પર ચીનનું નિયંત્રણ છે. આવી સ્થિતિમાં, ભારતની ઓસ્ટ્રેલિયા સાથે તેના પુરવઠા માટે વાટાઘાટો મહત્વપૂર્ણ છે. રાષ્ટ્રીય રાજધાનીમાં 'ઇન્ડિયા એનર્જી સ્ટોરેજ વીક-૨૦૨૫' કોન્ફરન્સમાં બોલતા, માલિની દત્તે જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયામાં દુર્લભ પૃથ્વી ઉપરાંત ભારતના ખાનગી અને જાહેર ક્ષેત્રો બંનેએ કોપર બ્લોક્સમાં રસ દાખવ્યો છે. કોપર (બ્લોક્સ) શોધી રહેલા ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્રના ઉપક્રમ બંને તરફથી રસ છે. દુર્લભ ખનિજોની અછતને કારણે ઉત્પાદનમાં ઘટાડો થવાની આશંકા વચ્ચે, ઓટો કમ્પોનન્ટ ઉદ્યોગ સંસ્થા ACMAએ મંગળવારે દેશમાં ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદન સુરક્ષિત કરવા માટે મહત્વપૂર્ણ સામગ્રી પર રાષ્ટ્રીય વ્યૂહરચના બનાવવાની માંગ કરી. દુર્લભ ખનિજોની અછતને મોટી ચિંતા ગણાવતા, એસોસિએશન ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ (ACMA)ના પ્રમુખ શ્રદ્ધા સુરી મારવાહે જણાવ્યું હતું કે ઉદ્યોગ તૈયાર છે અને વૈકલ્પિક ઉકેલો પર કામ કરવાનું શરૂ કરી દીધું છે. તેમણે કહ્યું કે, આ દુર્લભ ખનિજની મર્યાદિત ઉપલબ્ધતા ચિંતાનો વિષય છે. આનાથી ભારતમાં ઊટ અને અન્ય વાહન ઉત્પાદનના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે મહત્વપૂર્ણ સામગ્રી પર રાષ્ટ્રીય વ્યૂહરચના બનાવવાની જરૂરિયાત ઉભી થાય છે.




સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ત્રિકાળ જ્ઞાની ગુરુદેવ

### સાચાં સદગુરુ શિષ્યનાં ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળ વાંચી શકે છે!



ગુરુપૂર્ણિમાનાં ઉત્સવ નિમિત્તે આશ્રમમાં છેલ્લા અઠવાડિયાથી સાફસૂફી ચાલતી હતી, અને દરેક કક્ષની ઝીણવટ ભરી તપાસ થઈ રહી હતી. હવે તો મહેમાનો આવે તો કોઈ જ પ્રોબ્લેમ થાય તેવું ન્હોતું. ફક્ત બે દિવસ પછી ગુરુપૂર્ણિમા છે, અને આખો આશ્રમ સાધકોથી ભરાઈ જશે. ગુરુદેવ પણ આ એક દિવસ સિવાય આમ પણ ક્યાં સૌને મળે છે? તેઓ તો કાયમ અંતર ધ્યાન અવસ્થામા રહેતાં હતાં, અને પોતાની કૂટિયાની બહાર નીકળતા જ ન્હોતાં. અન્ન પાણી પણ દિવસમાં એક જ વાર ગ્રહણ કરતાં હતાં. છેલ્લા ૨૦ વર્ષથી ખૂબ આકરું તપ કરી રહ્યા હતાં, કાયા પણ દિવસે દિવસે કૃશ થતી જતી હતી. પરંતુ તેજ તો જાણે ભાલમાં ચંદ્ર ચોડ્યો હોય એટલું અપરંપાર, અને શબ્દ જાણે સાક્ષાત બ્રહ્મ થઈને નીકળતો હોય, એમ તરત જ બધું સમજાઈ જાય એવો સરળ જ્ઞાનોપદેશ આપતાં હતાં. આમ તો આશ્રમમાં લગભગ ત્રીસ ભિક્ષુક રહેતા હતાં, અને એ ઉપરાંત અન્ય થોડી ગાયને એક ઘરડો બળદ. દરેક ભીક્ષુક ગુરુદેવના બતાવ્યા મુજબ રોજ સવારે વહેલા ઉઠી અને ધ્યાન ઈત્યાદિ કર્મ કરતાં, યજ્ઞ-હવન પણ કરતાં. તેમજ બધું જ કામ ભીક્ષુકો જાતે કરતાં એટલે કે રસોઈ પકવવાની, કપડાં ધોવાના, આશ્રમ સાફ કરવાનો, તેમજ જંગલ માંથી લાકડા કાપીને લાવવાનાં, અનાજ કરિયાણું લાવવાનું અને વાડીમાંથી શાકભાજી તોડવાના. એટલે કામની વહેચણી ગુરુદેવ જ્યારે આ રીતે બહાર આવે ત્યારે કરી દેતાં, અને ૧૨ મહિના સુધી એ જ પ્રમાણે દરેક ભીક્ષુકો એ કામ કરવાનું રહેતું. ૩૦ ભિક્ષુક માંથી ૧૫ /૧૫ ની બે ટીમ બનાવવામાં આવી હતી. આમ તો લગભગ ૨૦ થી ૩૫ ની ઉંમરના ભીક્ષુકો હતાં એટલે શારીરિક રીતે પણ કોઈ તકલીફ રહેતી નહીં. તો આશ્રમના હવા પાણી પણ શુદ્ધ હતાં, અને શાકભાજી પણ પોતાની વાડીનું, આશ્રમની ગાયનું દૂધ, એટલે એ રીતે પણ કોઈ તકલીફ હતી નહીં. પરંતુ બે ભિક્ષુક મોટી ઉંમરના હતાં, એટલે કે ૫૦ પરના અને સ્વાભાવિક રીતે જ પછી થાક લાગતો હોય તો, ક્યારેક હાથ માથું દુઃખે પણ ખરું એટલે બંને ટીમમાં ગુરુવરે એક એક મોટી ઉંમરના ભિક્ષુકને રાખ્યો હતો, જે કામની કારીગરીનું ઈન્સ્પેક્શન કરતાં, ક્યારે, ક્યાં, અને કેટલું, એ બધું આ બંને લોકો નક્કી કરતાં હતાં. ગુરુદેવ તો ફક્ત એકવાર બાજરાની નાની રોટલી અને દૂધ અથવા ભાજી ગ્રહણ કરતાં. પરંતુ ભિક્ષુકોને એવું રોજ ભાવે નહીં, આથી આશ્રમમાં ઘણી પ્રકારના શાકભાજી વગેરે ઉગાડ્યા હતાં, અને સ્વાદ અનુસાર શાક બનતાં. બે મોટી ઉંમરના ભીક્ષુકો આજે નાના ભીક્ષુકોને કહી રહ્યા હતાં, કે ગુરુપૂર્ણિમાના ઉત્સવ નિમિત્તે કોઠારમાં કેટલું અનાજ છે, અને કેટલું ખૂટે છે, તેનો અંદાજ કાઢવો પડશે! કારણ કે ગુરુદેવ તો એ દિવસે સવારે જ કૂટિયા માંથી બહાર આવશે. આ પહેલાં પોતાના ૩૦ જણાનું જ આયોજન એમણે કરેલું હોવાથી, પોતાના સ્વાદ અને ખોરાક મુજબ તેમણે બધી વસ્તુઓ મંગાવી લીધી.

ગુરુપૂર્ણિમાનો દિવસ આવી ગયો, અને ગુરુદેવ કૂટિયા માંથી બહાર આવ્યા, એમણે સાધનસામગ્રી જોઈ અને કહ્યું કે આટલું અનાજ તો ઓછું પડશે!! આ તો ફક્ત ૫૦૦ જણાનું સીધું છે, એમ કહીએ તે ફરી અન્ય વિભાગ જોવા ચાલ્યા ગયાં. સાધકો ચિંતામાં પડી ગયાં, અને એને થયું કે ૫૦૦ માણસથી વધારે કેટલા સાધકો આવવાના છે! કેમ ગુરુદેવ આવી વાત કરે છે? આપણા આશ્રમ વિશે તો લોકોને બહુ ખબર પણ નથી, પહાડી પરના આશ્રમમાં જ સૌથી વધુ લોકો જતાં હોય છે, કંઈ ઓછું નહીં થાય, ચિંતાનું કોઈ કારણ નથી, એમ મનોમન આશ્વાશન લેવા લાગ્યાં.

ધીરે ધીરે બધાજ ભિક્ષુકોએ ગુરુ પૂજન કરી લીધું, અને આશ્રમમાં સાધકોની ભીડ થવાની શરૂઆત થઇ ગઇ. રસોડાની સ્થિતિ વિશે તેને ખ્યાલ હતો કે ઓછામાં ઓછા ૩૦૦૦ સાધકો આવશે, જ્યારે સીધું તો ૫૦૦ જણાનું જ છે. પરંતુ પોતાનાં સમાધિસ્થ સદગુરુદેવ પર પૂર્ણ ભરોસો હતો. થોડીવારે બીજા સાધનોનું ટોળું આવ્યું, અને એમ કરતાં આશ્રમ આખો ભરાઈ ગયો. ભિક્ષુકો પણ ચિંતા ગ્રસ્ત થઈ વિચારતાં હતાં કે હવે શું થશે? પરંતુ ગુરુદેવની મુખમુદ્રામાં કોઈ જ ચિંતા હતી નહીં, તે એ જ શાંતિ અને આનંદનો લેપન કરીને જાણે બેઠા હોય તેમ, ધ્યાન મગ્ન અવસ્થામાં બેઠા હતાં. થોડી વાર થઈ ત્યાં કેટલાક સાધકો ૧૦ ગાયને લઈને આવ્યાં, એની પાછી થોડીવાર થઇ, ત્યાં ગાડાઓ ભરીને અનાજ વગેરે સાધન સામગ્રીઓ આવી. એમ એમ કરતાં બીજા ૨૫૦૦ જણાની રસોઈ થઈ શકે તેટલુ સીધું આવી ગયું. ભિક્ષુકો વિચારતા હતા કે ગુરુદેવ ત્રિકાળ જ્ઞાની છે, અને તેમણે કોઇ માર્ગ કાઢ્યો હશે. ગુરુપૂર્ણિમા પૂરી થશે, એટલે આપણે તેમને આ વિશે પૂછીશું. ગાયના તાજા દૂધમાંથી ખીર બનાવી અને અન્ય સામગ્રીમાંથી બીજું ભોજન બધા બનાવવા લાગ્યા, સાધકો પણ મદદ કરતા હતા.આમ ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ રંગેચંગે સમાપ્ત થઈ ગયો, અને ગુરુવર પોતાની કૂટિયામાં જવા ઉભા થયા. શાંતનુ નામનો એક ભિક્ષુક ઉભો થયો અને ગુરુદેવ! એક પ્રશ્નનો જવાબ આપીને જાવ! કે આ બધું કઈ વિદ્યાથી શક્ય બન્યું?! ગુરુદેવે પોતાના સદગુરૂનાં ફોટા તરફ અંગુલી નિર્દેશ કરતા કહ્યું કે, આની પરનો દ્રઢ ભરોસો,એ એક એવી વિદ્યા છે, જે શીખવાડી શકાતી નથી. શાંતનુ ફરી બોલ્યો, પરંતુ ગુરુદેવ આપને ૫૦૦ સાધકથી વધુ સાધક આવશે એવી કઈ રીતે ખબર પડી? ગુરુદેવે કહ્યું મોસમને આધારે, એટલે કે બહાર જુઓ આ વખતે પહાડી પર વારંવાર ભૂસ્ખલન થાય છે, એટલે સાધકો ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ કરવા નીકળ્યા હોય, અને ત્યાં જઈ શકાય નહીં, તો રસ્તામાં અથવા તો નજીકમાં આવતા આશ્રમમાં જ આવે! એવું એક સીધું ગણિત માંડ્યું. શાંતનુ ફરી બોલ્યો એટલે આ ત્રિકાળજ્ઞાની એવી વાતો બધા કરે છે, તે શું ખોટી છે? ગુરુદેવે કહ્યું કે બિલકુલ ખોટી નથી, ગુરુ હંમેશા સાધકના ત્રણેય કાળ વાંચી શકે છે, અને કોઈ સાધક પોતાના ગુરુથી પોતાનો ભૂતકાળ છુપાવી શકતો નથી, કે વર્તમાનમાં પોતાના મનના ભાવ પણ દબાવી શકતો નથી, તેમજ ભવિષ્ય વિશેની શંકા-કુશંકા ને કાઢી શકતો નથી. શાંતનુએ ફરી પૂછ્યું તો ગુરુવાર આપ પણ અમારા સૌના ભૂત ભવિષ્ય અને વર્તમાન વિષે જ્ઞાત હશો! ગુરુદેવે કહ્યું કે જો હું આપ સૌનો ગુરુ હોઉ તો મને આ વાતની જાણ ૧૦૦% હોવી જોઈએ!! પરંતુ આપ સૌએ મને ગુરુ માન્યો છે, મેં હજી કોઈને શિષ્ય તરિકે સ્વીકાર્યા નથી. હું પોતે જ શિષ્ય છું, છતાં આપના ભાવને આદર અને વંદન કરું છું. આમ પણ આપ સૌ પોતાના સંસારથી થાકી-હારીને અહીં આવેલા છો, એટલે કે ભોગ હજી છૂટ્યો નથી. ઈશ્વરને પ્રાપ્ત કરવા કે ઈશ્વરનું અનુસંધાન કેળવવા માટે કોઇ ભીક્ષુક અહીં આવ્યો નથી, એટલું જરૂર કહી શકું. એમ કરીને ગુરુદેવ પોતાની કુટીયામાં ચાલ્યાં ગયાં.

મિત્રો ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ આવે છે, અને જે કોઈ સાધક કે શિષ્ય હોય, તેને પોતાના સદગુરુ થી વધારે મહત્વનું દુનિયામાં કોઇ હોતું નથી, તેનો અ ભાવ અપરંપાર હોય છે. પરંતુ આ દુનિયામાં આવા કેટલા એ આશ્રમ હશે, જ્યાં સાચા સદગુરુદેવની બદલે ઠગ સાધુઓનો અડિંગો હશે, અને એ ભલી ભોળી જનતાને ખોટા ચમત્કારો કરીને, છેતરતા હશે. તેની કાયમી આવક માટે આવા ભક્તોની ભીડ થવી બહુ જ જરૂરી હોવાથી, એ લોકો તંત્રવિદ્યા કે પછી હાથના જાદુ તરીકે જાણીતા કંઈક કરતબ કરી અને લોકોની ભાવના સાથે રમત રમતાં હોય છે. જ્યારે આ પ્રકારના સીધા અને સાત્વિક જ્ઞાની સદગુરુ ઓ શિષ્યને આવા ચમત્કારમાં ક્યારેય ઢસડતા નથી. પોતાની વાત તેઓ સંસ્કૃતિ સંમત થઈને પણ સરસ રીતે રજૂ કરતા હોય છે, જેથી કરીને આવા બ્રહ્મનાં ભ્રમમાં અટવાયા વગર સાધક સાચી નિષ્ઠાથી જીવે અને ઈશ્વરને પામી શકે.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### ચાર ગઠીયાએ આવી અમને બંદરની સફાઇ કરતી વખતે સોનુ ભરેલી પોટલી મળી છે કહી અગિયાર હજારનો ટૂકડો પાંચસોમાં જ આપી વિશ્વાસ કેળવ્યોઃ પછી મહિલાને જાળમાં ફસાવી લીધા

# સસ્તામાં સોનુ લેવા જતાં મહિલાને દસ લાખનો ડામ

### સોની પાસે એક ટૂકડો ચેક કરાવ્યો તો અસલી સોનુ હતુંઃ પછી ચારેય રોકડા લઇ જે સોનુ આપી ગયા તે ખોટુ નીકળ્યુંઃ મહિલાએ હોડીના દસ્તાવેજ પરથી રોકડ એકઠી કરી ગઠીયાઓને દીધી હતી

રાજકોટ તા. ૮

અલગ અલગ પ્રકારની લાલચમાં આવી લોકો છેતરાઇ જતાં હોય છે. ઓનલાઇન ટાસ્ક, શેર બજારમાં કમાણીના નામે તો અનેક છેતરાય છે. તો બીજી તરફ ઓફલાઇન એટલે કે રૂબરૂ આવીને છેતરી જનારા પણ ઓછા નથી. સસ્તા સોનાના નામે છેતરપીંડીની ઘટનાઓ અનેક વખત સામે આવી ચુકી છે. વધુ એક આવો બનાવ બન્યો છે જેમાં એક મહિલાને સસ્તામાં સોનુ આપવાના નામે ચાર ઠગની ચંડાળચોકડી દસ લાખનો ચૂનો લગાવી ગઇ છે. બંદર પર સાફસફાઇ કરતી વખતે સોનાની પોટલી મળી છે અને સસ્તામાં સોનુ વેંચી દેવું છે તેવું કહી મહિલાને એક સોનાનો ટૂકડો ખરાઇ કરાવી લેવા આપ્યો હતો. મહિલાએ ખરાઇ કરાવતાં આ ટૂકડો અસલી સોનાનો હોઇ તેણી વિશ્વાસમાં આવી ગઇ હતી અને ચારેય શખ્સોને દસ લાખની રોકડ ચુકવી સોનુ લઇ લીધુ હતું. પરંતુ બાદમાં ખબર પડી હતી કે આ ગિલેટ ચડાવેલુ નકલી સોનુ હતું! પોલીસે ગુનો નોંધી ગઠીયાઓની શોધખોળ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ મામલે અમરેલીના ધારી પોલીસ મથકમાં છેતરાયેલા મહિલાની ફરિયાદને આધારે માંગરોળના બે અને ધારીના બે અજાણ્યા શખ્સો સામે એફઆઇઆર દાખલ થઇ છે. પોલસ સુત્રોએ જણાવ્યા મુજબ અમરેલીં પોરબંદર પંથકમાં માછીમારીનો વ્યવસાય કરતી એક મહિલાને માંગરોળના બે અને ધારીના અજાણ્યા બે શખ્સોએ સસ્તુ સોનું આપવાની લાલચ આપી ધારીમાં બોલાવી નકલી સોનું ધાબડી દઇ રૂપિયા દસ લાખની ઠગાઇ કરતા ધારીના પોલસ મથકમાં વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ થઇ છે. પોલીસે ચાર શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. પોરબંદર જિલ્લાના માધવપુર ઘેડના વનીતાબેન કાનાભાઇ ચૌહાણ અને તેનો પરિવાર બોટ સાથે માછીમારીનો વ્યવસાય કરે છે. વનીતાબેનના પતિને બીમારી



હોવાથી સમગ્ર કારોબાર તે ચલાવે છે.

આ પરિવારની જેમ જ તેની ભાગીદારીમાં માછીમારી કરતા અકરમભાઇ લુચાણીએ વાત કરી હતી કે તેના મિત્ર જાબીરભાઇ કહે છે કે, સલાયા બંદરે બે વ્યક્તિ બોટની સાફ સફાઇ કરતા હતા. ત્યારે સોનાની પોટલી મળેલી છે અને આ સોનું તે સસ્તાભાવે વેંચી નાખવા માગે છે. જો તમારે જોઇતું હોય તો કહો એમ કહેતા લાલચમાં આવી વનીતાબેને સોનું ખરીદવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. એ પછી તેને સસ્તા સોનાની જાળમાં લપેટવા રૂા. અગિયાર હજારની કિંમતનો એક સોનાનો ટૂકડો માત્ર રૂા. પાંચસોમાં જ આપ્યો હતો. જે માધવપુરમાં ચકાસતા સાચો હતો. આથી વનીતાબેનને સોનું સાચું જ છે એવો દ્દઢ વિશ્વાસ બેસી ગયો હતો. એ પછી લાલચમાં આ મહિલાએ અને તેના પતિએ પોતાનું મકાન અને હોડીનો દસ્તાવેજ આપી રૂા. દશ લાખનો બંદોબસ્ત કરી વધુ સોનું લેવાનું નક્કી કરી ઇચ્છા વ્યક્ત કરી હતી.

આથી માંગરોળના જાબીરભાઇ ઇકબાલભાઇ બાનવા અને આસીફભાઇ હૈદરભાઇ રફાઇએ કહ્યું હતું કે, તમે દસ લાખ રોકડા લઇને ધારી આવજો ત્યાં તમોને બે શખ્સો આવીને સોનું આપી દેશે. તમે તેને પૈસા આપી દેજો. એ પછી આખો વ્યવહાર પુરો થયો હતો. અને સોનું ખરીદી માધવપુર આવ્યા હતા. વનીતાબેને માધવપુર આવી સોનું સાચું છે કે ખોટું તે ચકાસણી કરાવતા નકલી હોવાનું બહાર આવ્યું હતું. આથી તેની સાથે છેતરપિંડી ઠગાઇ થયાનું માલુમ પડયું હતું. આ અંગે ફોન કરતા સામેથી બધાએ ફોન સ્વીચ ઓફ કરી દીધા હતા. આથી વનીતાબેને માંગરોળના માત્રી પુલ પાસે રહેતા જાબીરભાઇ ઇકબાલભાઇ બાનવા તથા આસીફભાઇ હૈદરભાઇ રફાઇ અને બે અજાણ્યા શખ્સો સામે ધારી પોલીસ મથકમાં વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવતા પોલીસ આ ચંડાળચોકડીને શોધી રહી છે.

---

### લ્યો બોલો આઉટસોર્સનો ડ્રાઇવર વરદી પહેરીને ફરતો'તો અને રોફ જમાવતો હતો

## નકલી પોલીસ દારૂની હેરાફેરી કરતાં LCBની ઝપટે ચડ્યો

### તેનો થેલો ચેક કરતાં નકલી આઇકાર્ડ અને દારૂ-બીયરની બોટલોનો જથ્થો મળી આવ્યો



રાજકોટ, તા. ૮

રાજયમાં અવાર-નવાર નકલી અધિકારીઓ, નકલી ડોક્ટરો ઝડપાતા રહે છે. વધુ એક વખત નકલી કોન્સ્ટેબલ ઝડપાયો છે અને એ પણ દારૂની ખેપ મારવાના ગુનામાં! તાજેતરમાં કડીયા કામનો એક કારીગર નકલી ટીટીઇ બની મુસાફરોની ટીકીટ ચેક કરતાં જલાઇ ગયો હતો. ત્યાં હવે નકલી કોન્સ્ટેબલ હાથમાં આવ્યો છે.

પોલીસ સુત્રોમાંથી મળેલી માહિતી અનુસાર તાજેતરમાં વાપી રેલવે સ્ટેશને હાલમાં જ દમણમાં કડિયા કામ કરતો યુવક નકલી ટીટીઇ બનીને પેસેન્જરની ટિકિર ચેક કરતા ઝડપાયો હતો ત્યાં વધુ એક નકલી પોલીસ અધિકારી બનીને દારૂની ખેપ મારતો અમદાવાદનો યુવાન એલસીબી ટીમને હાથ લાગ્યો છે. વલસાડ લોકલ ક્રાઇમ બ્રાન્ચના જમાદાર કનકસિંહ દયાતર બાતમી મળી હતી કે વાપી રેલવે સ્ટેશનના પૂર્વ ભાગમાં ગીતાનગર પોલીસ ચોકી નજીક એક નકલી પીએસઆઇ ખાખી વર્દીનો યુનિફોર્મ પહેરીને ફરી રહ્યો છે. આ બાતમી મળતા જ એલસીબીની ટીમ ખરાઇ કરવા માટે વાપી રેલવે સ્ટેશનના પૂર્વ ભાગમાં પહોંચી જઇને પોલીસ યુનિફોર્મ પહેરીને પોતે પીએસઆઇ હોવાની ખોટી ઓળખ આપનાર યુવકને શોધી કાઢ્યો હતો.

નકલી પીએસઆઇ બનીને ફરતો યુવકની ઓળખ અમદાવાદના મનહર કોલોની નજીક શ્યામ દર્શન એવન્યુમાં રહેતા છેતાલીસ વર્ષના કૃષ્ણરાજ મૂળજીભાઇ ગોહેલ તરીકે થઇ હતી. પોતે કોન્સ્ટેબલ કે પીએસઆઇ ન હોવા છતા તેની પાસેથી અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ ડીસીપી ઝોન વી અમદાવાદ સિટી પોલીસ સ્ટેશનમાંથી ઈસ્યુ થયેલ તેવુ નકલી ઓળખકાર્ડ પણ મળી આવ્યુ હતું. પોલીસે યુવકની વધુ તલાશી લેતા તેમની બેગમાંથી સત્તર નંગ દારૂ અને બિયરની બોટલ પણ મળી આવી હતી. દારૂની ખેપ મારવા અને અસલી પોલીસથી બચવા માટે પીએસઆઇનો યુનીફોર્મ પહેરીને ફરતા કૃષ્ણરાજ ગોહેલની અટકાયત કરીને વધુ તપાસ અર્થે ટાઉન પોલીસને સોંપવામાં આવ્યો છે. નકલી પોલીસ બનીને ફરતો કૃષ્ણરાજ ગોહેલની ઉલટ તપાસ કરતા તે અમદાવાદ શહેરના એમટી વિભાગમાં આઉટ સોર્સના ડ્રાઇવર તરીકે ફરજ બજાવે છે. દારૂના જથ્થાની હેરાફેરી કરવા અને કોઇને શક ન જાય એ આશયથી પોલીસ ડ્રેસ પહેરી લીધો હતો.

---

# ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પ્રથમ રાજ્ય

### ગુજરાત ૨,૩૪૦ કિમી દરિયાકાંઠાનો મહત્તમ લાભ ઉઠાવીને ક્રૂઝ ટુરિઝમને પ્રોત્સાહન આપવાની સાથે નવી આર્થિક તકોનું થશે સર્જન

રાજકોટ, તા. ૮

દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પ્રથમ રાજ્ય બની ગયું છે. આ સાથે ભારતમાં વિશ્વ કક્ષાનો ક્રૂઝ પ્રવાસન ઉદ્યોગ વિકસાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાતે મહત્વનું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યએ ૨,૩૪૦ કિમીના દરિયાકિનારા અને સાબરમતી, નર્મદા જેવી નદીઓના વ્યૂહાત્મક મહત્વને ઓળખીને રાષ્ટ્રીય ક્રૂઝ એજન્ડાને આકાર આપવામાં સક્રિય ભૂમિકા ભજવી છે.

વર્કશોપના પ્રથમ સત્રમાં મેરીટાઇમ અને ટુરિઝમ નિષ્ણાતોની ઉપસ્થિતિમાં ''નીતિ અને માળખાગત સુવિધા- ભારતમાં ક્રૂઝ ક્ષેત્રના વિકાસ માટે પાયો નાખવો'' એ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ઇન્ડિયન પોર્ટ્સ એસોસિએશનના સલાહકાર રાજીવ જલોટાએ ક્રૂઝ ભારત મિશન હેઠળ વ્યૂહાત્મક લક્ષ્યોની રૂપરેખા આપી હતી. મુંબઈ પોર્ટ ઑથોરિટીના અધ્યક્ષ સુશીલ કુમાર સિંહે



બંદરોની તૈયારી અને સ્પષ્ટ બર્થિંગ પોલિસીની જરૂરિયાત પર ચર્ચા કરી હતી. FRRO, કોચીનના કૃષ્ણરાજ આર. એ ઇમિગ્રેશન અને દરિયા કિનારાની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જ્યારે ગોવા ઈન્ટરનેશનલ ક્રૂઝ ટર્મિનલના CEO ગૌતમ ડેએ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ્સ અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂક્યો હતો.

ગુજરાતનો રોડમેપ રજૂ કરતાં શ્રી રાજકુમાર બેનીવાલે રોકાણને અનુરૂપ પોલિસીઓ બનાવીને વિશ્વ કક્ષાના ક્રૂઝ ટર્મિનલ માટે રાજ્યની યોજના વિશે માહિતી આપી હતી. ગુજરાત ટુરિઝમના મેનેજિંગ ડિરેક્ટર સાઇદિંગપુઈ છાકછુઆક (IAS)એ મુસાફરો માટે ક્રૂઝ-રેડી સ્થળો અને ઓનશોર પ્રવાસન વિકસાવવા માટેની વ્યૂહરચના રજૂ કરી હતી. કૃષ્ણરાજ આર. (IPS)એ કાર્યક્ષમ ઇમિગ્રેશન પ્રક્રિયાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને પ્રવાસીઓના સંચાલનને સુવ્યવસ્થિત કરવા માટે ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગની ભલામણ કરી હતી.

ંદરો અને પરિવહન વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે ગુજરાતને એક અગ્રણી ક્રૂઝ હબ તરીકે સ્થાપિત કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યનો વ્યાપક અભિગમ, તેની માળખાગત સુવિધાઓ, નીતિ અને પ્રવાસન વિકાસ અન્ય રાજ્યો માટે એક ઉદાહરણ સ્થાપિત કરશે.,ત્યારબાદ વર્કશોપના પ્રશ્નોત્તરી સત્ર દરમ્યાન સહભાગીઓએ રાજ્ય માટે એક મજબૂત ક્રૂઝ નીતિ બનાવવા સંદર્ભે તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. તો પેનલ સત્રમાં પેનલિસ્ટોએ હાલના પડકારોને સંબોધીને ભવિષ્યમાં ક્રૂઝ ક્ષેત્રે રહેલી સંભાવનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ સત્ર સહભાગીઓ અને ઉદ્યોગના દિગ્ગજો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન કરવા માટે મહત્વનું માધ્યમ બન્યું હતું. ક્રૂઝ ભારત મિશનના ભાગ રૂપે, ગુજરાતે તેના પશ્ચિમ કિનારા પર વિવિધ સંભવિત ક્રૂઝ સર્કિટનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમાં દીવ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, જામનગર, ઓખા અને પડાલા ટાપુ જેવા મુખ્ય સ્થળો તેમજ કાર્યરત ઘોઘા-હઝીરા રો-પેક્સ સેવાનો પણ સમાવેશ થાય છે. ક્રૂઝ ભારત મિશનનો ઉદ્દેશ આગામી દાયકામાં ભારતને વિશ્વ સ્તરનું ક્રૂઝ પર્યટન કેન્દ્ર બનાવવાનો છે અને ૨૦૨૯ સુધીમાં દરિયાઈ ક્રૂઝ પ્રવાસનને દસ ગણું વધારવાનો છે. દેશમાં મુંબઈ, કોચીન, ચેન્નઈ, અને મોર્મુગાઓ જેવા મુખ્ય બંદરોએ ક્રૂઝ ટર્મિનલ વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે ત્યારે ગુજરાત પણ ભવિષ્યમાં એક સમર્પિત ક્રૂઝ ટર્મિનલ બનાવીને રાષ્ટ્રીય મિશનમાં નોંધપાત્ર ફાળો આપશે.

તાજેતરમાં આયોજિત વર્કશોપ આ દિશામાં મહત્વનું પગલું છે. આ વર્કશોપના માધ્યમથી ગુજરાત માટે એક વ્યાપક, કાર્યક્ષમ ક્રૂઝ ટુરિઝમ નીતિ ઘડાય તેવી અપેક્ષા છે. સ્પષ્ટ વિઝન, સરકારના સમર્થન અને વ્યૂહાત્મક માળખાગત યોજનાઓ સાથે ગુજરાત ભારતના ક્રૂઝ પર્યટન ક્ષેત્રે અગ્રેસર બનવા તૈયાર છે.

---

# ડ્રગ્સનું દૂષણ જોવા મળે તો કડક કાર્યવાહી કરો



### કલેક્ટરના અધ્યક્ષસ્થાને નાર્કો કો-ઓર્ડીનેશનની બેઠક

રાજકોટ, તા.૮

રાજકોટ જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને રાજકોટ જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. આ તકે કલેકટરએ વિવિધ વિભાગ દ્વારા ડ્રગ્સ વિરોધી કરેલી કામગીરીની સમીક્ષા હાથ ધરી ડ્રગ્સ, નશીલી દવાઓ તેમજ શાળા-કોલેજ આસપાસ તમાકુનું વેચાણકર્તા વેપારીઓ પર સખ્ત કામગીરી કરવા સૂચના આપી જિલ્લામાં ક્યાંય ડ્રગ્સનું દૂષણ જોવા મળે તો કડક અને સખત કાર્યવાહી કરવા અધિકારીઓને સૂચના આપી હતી.

કલેકટરે જે લોકો આ દુષણનો શિકાર બન્યા હોય તેઓ માટે વ્યસન મુક્તિ કેન્દ્રનો ખાસ પ્રચાર પ્રસાર કરવા પણ સૂચના આપી હતી. અધિકારીઓને ડ્રગ્સ વિરોધી કામગીરી, જેમાં ડ્રગ્સના દૂષણને નાથવા યુવાનોમાં જાગૃતિ કેળવવા શાળા-કોલેજોમાં કેમ્પ યોજવા પર ખાસ ભાર મુક્યો હતો. ડ્રગ્સના દૂષણને સમાજમાંથી નાબૂદ કરવા સરકાર પણ ખાસ ભાર મુકી રહી છે, ત્યારે લોકોમાં તેમજ યુવાનોમાં જનજાગૃતિ ઝુંબેશનું પ્રમાણ વધારવા તેમણે જણાવ્યું હતું.

રાજકોટ જિલ્લામાં ક્યાય ગાંજા તેમજ અફીણનું વાવેતર જોવા મળે કે મેડિકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વિના નશીલા સીરપના વેચાણ પર સઘન નિરીક્ષણ રાખી પરિણામલક્ષી કામગીરી કરવા તેમણે સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ, નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમ, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, પ્રાંત અધિકારીઓ વગેરે વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

### લગ્નનો લાડવો ખાવાની ઇચ્છા અનેક યુવાનોને દઝાડી જતી હોય છેઃ લાલબત્તી સમાન કિસ્સો

# લૂંટેરી દૂલ્હન કાર લે-વેંચના વેપારીને છેતરી છૂમંતર થઇ

### પરિચય કેળવી માળીયાહાટીના પંથકના યુવાન સાથે સમજુતી કરાર કરી સાથે રહીઃ યુવાન કામ માટે જુનાગઢ જતાં પાછળથી ચૌદ લાખની મત્તા ઉસેડી ભાગી ગઇઃ પછી પોતાના વતન લગ્નના નામે બોલાવી મંદિરમાં લગ્નનું નાટક કર્યુ અને મારકુટ કરી તગેડી મુક્યો

રાજકોટ તા. ૮

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છ સહિતના રાજ્યભરના ગામો શહેરોમાં અનેક એવા યુવાનો લૂંટેરી દૂલ્હન અને તેની ટોળકીના હાથે લગ્નના નામે છેતરાઇ રહ્યા છે. લૂંટેરી દૂલ્હનના કિસ્સા અવાર-નવાર પોલીસ સુધી આવે છે. વધુ એક ચોંકાવનારો અને લાલબત્તી સમાન બનાવ પોલીસ સુધી પહોંચ્યો છે. જેમાં જુનાગઢના માળીયાહાટીના પંથકના અમરાપુર ગામના યુવાનને યુપીની લૂંટેરી દૂલ્હન તેર લાખ સત્યોતેર હજારનો ડામ આપી છેતરી ગઇ છે. આ યુવાન વેપારી કે જે કાર લે-વેંચનો વ્યવસાય કરે છે તેની ઓળખાણ યુપીની એક યુવતિ સાથે થઇ હતી. બાદમાં તેણીએ પ્રેમ અને લગ્નના નામે નાટક કરી શરૂઆતમાં અમરાપુર ગામે આવી સમજુતી કરાર કરી સાથે રહેવાનું ચાલુ કર્યુ હતું. પછી તક જોઇ ઘરમાંથી રોકડ, દાગીના ઉસેડી નીકળી ગઇહ તી અને વેપારીને યુપી બોલાવી લગ્નના નામે ખેલ ખેલી મંદિરમાં લગ્નનું નાટક કરી બાદમાં ડરાવી ધમકાવી મારકુટ કરી રોકડ સહિતની લાખોની માલમત્તા પડાવી લીધી હતી.

ફ્રોડની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો જુનાગઢ જીલ્લાના માળિયાહાટીના તાલુકાના અમરાપુર સરકારી ગામના બિઝનેસમેન યુવાનને યુપીની યુવતિએ પોતાની જાળમાં ફસાવી તેર લાખ તોંતેર હજારની માલમત્તા ઉસડી લઇ તેને તગેડી મુક્યો હતો. યુવાન અને યુવતિની ઓળખાણ સોશિયલ મિડીયાથી કે અન્ય કોઇ રીતે થયા બાદ યુવતિએ આ યુવાન વેપારીને મોહજાળમાં ફસાવ્યો હતો અને પોતે પ્રેમ કરે છે, લગ્ન કરવા છે તેવું કહી યુવાનને છેક યુપી બોલાવી લીધો હતો. યુવાન પણ મનોમન સાચ્ચો પ્રેમ કરવા માંડ્યો હોઇ વિશ્વાસ મુકીને યુપી સુધી ગયો હતો. પરંતુ ત્યાં આ યુવતિએ પોતાના ગામમાં પહેલા તો આ યુવાન સાથે એક મંદિરમાં લગ્ન કર્યા હતાં. પરંતુ આ તેના કાવત્રાનો




એક ભાગ જ હતો. લગ્નના નાટક બાદ તેણીએ ઝઘડો કર્યો હતો અને માર મારી રોકડ અને દાગીના પડાવી લીધા હતાં!

પોલીસ સુત્રોએ જણાવેલી વધુ વિગતો જોઇએ તો માળીયા હાટીનાના અમરાપુર સરકારી ગામે રહેતા અને હોટલ બિઝનેસ તથા કાર લે-વેંચનો વ્યવસાય કરતા અમીતભાઈ મહેન્દ્રભાઈ પંડયા નામના ચોત્રીસ વર્ષના યુવાનની ઓળખ યુપીના ઝાંસી જિલ્લાના ગરોઠા ગામની રોશની જવાહર સાથે થઇ હતી. વાત આગળ વધતાં યુવતિએ લગ્ન કરવાની લાલચ અને વિશ્વાસ આપી સમજુતી કરાર કર્યો હતો. એ પછી તેણી સાથે રહેવા માટે આવી ગઇ હતી અને બંને પતિ-પત્નિ તરીકે રહેવા માંડ્યા હતા. યુવતી સાથે લગ્ન કરવાના હોવાથી તેને આપવા માટે આશરે રૂપિયા દસ લાખની કિંમતના અલગ-અલગ દાગીના બનાવી અમીતભાઈએ ઘરે રાખ્યા હતા. દરમ્યાન તાજેતરમાં અમીતભાઈ પોતાના ગામથી કામ સબબ જૂનાગઢ ગયા હતા ત્યારે મોકાનો લાભ ઉઠાવી યુવતી રોશની દસ લાખના ઘરેણા અને રૂ. ૩.૭૩ લાખની રોકડ રકમ લઈ રફુચક્કર થઈ ગઈ હતી.

પાછળથી રોશનીએ અમીતભાઈને મેસેજ કરી ઝાંસી ખાતે બોલાવી લીધા હતા. બાદમાં ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લાના ત્રિયુગીનારાયણ ગામ ખાતે આવેલા વિષ્ણુ ભગવાનના મંદિરે ફુલહાર કરી લગ્ન સંપન્ન કર્યા હતા. લગ્ન કરી લીધા બાદ રોશનીએ પોત પ્રકાશી અમીતભાઈને સોનાના દાગીના તથા રોકડ નહી આપી તેમની સાથે ઝઘડો કરી ગાળો આપી લાકડી તથા છરી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. યુવતીની જાળમાં ફસાયેલા અમીતભાઈએ માળિયાહાટીના પોલીસમાં યુવતી રોશની જવાહર વિરૂધ્ધ છેતરપિંડી તથા વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવતા પોલીસ ઈન્સ્પેક્ટર એમ.સી. પટેલે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. યુવતિ ઝપડાયા બાદ તેની સાથે અન્ય કોઇ પણ સામેલ છે કે કેમ? બીજા કોને કોને આ રીતે ફસાવીને છેતર્યા છે? તે સહિતની વિગતો બહાર આવવાની પોલીસને આશા છે.

### રાત્રે ઘરમાંથી ધુમાડા નીકળતા નજીકમાં રહેતાં ભાણેજને જાણ થતાં ફાયરબ્રિગેડ બોલાવતાં ઘરમાંથી લાશ મળીઃ દાઝેલા હતાં, માથે ઇજા હતીઃ ફોરેન્સિક પોસ્ટમોર્ટમમાં હત્યા થયાનું ખુલ્યું

# રૈયાધારમાં એકલા રહેતાં વૃદ્ધની ભેદી હત્યાઃ લૂંટનો ઈરાદો?

### ૭૫ વર્ષના મનસુખભાઇ ટાંકને રાત્રે માથામાં ઘા ફટકારી પતાવી દેવાયા બાદ લાશ સળગાવવાનો પ્રયાસઃ રહસ્ય ઉકેલવા યુનિવર્સિટી પોલીસ, ડીસીબી, એલસીબીની ટીમો કામે લાગ્યા

રાજકોટ તા. ૮

અપમૃત્યુની ઘટનાઓનો સિલસિલો રોજના ક્રમ અનુસાર યથાવત રહ્યો હતો. રૈયાધારમાં શાંતિનગરના ગેઇટ નજીક સ્લમ ક્વાર્ટર સામે મોમાઇનગર મફતીયાપરામાં એક વૃધ્ધનું ભેદી મોત થયું હતું. ઘરમાંથી ધૂમાડા નીકળતાં હોઇ ફાયર બ્રિગેડે આવી તપાસ કરતાં વૃધ્ધ અંદરથી દાઝેલી હાલતમાં અને માથે ઇજા થયેલી હાલતમાં મળ્યા હતાં. તબિબે તેમને મૃત જાહેર કર્યા હતાં. એકલા જ રહેતા વૃધ્ધના મોતે રહસ્ય ઉભુ કર્યુ હતું. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ થતાં માથામાં ઇજાથી મોતનો પ્રાથમિક રિપોર્ટ આવતાં બનાવ હત્યાનો હોવાની શંકાએ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

વિગતો પર નજર કરીએ તો રૈયાધાર સ્લમ ક્વાર્ટર મોમાઇનગર શેરી નં. ૩માં એકલા જ રહેતાં વૃધ્ધની લાશ તેના ઘરમાંથી મળી આવતાં વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી. રાતે ઘરમાંથી ધૂમાડા નીકળતાં ભાડૂઆતે નજીકમાં જ રહેતાં વૃધ્ધના ભાણેજને જાણ કરતાં ફાયર બ્રિગેડને જાણ કરાઇ હતી. ઘરમાંથી વૃધ્ધ દાઝેલા મળ્યા હતાં અને માથામાં ઇજા પણ હતી. બનાવ આત્મહત્યાનો છે કે અન્ય કંઇ? તે અંગે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું. રૈયાધાર મફતીયાપરામાં રહેતાં પંચોતેર વર્ષના મનસુખભાઇ આણંદજીભાઇ ટાંક પોતાના ઘરમાં દાઝી જતાં મોત થયાની જાણ ૧૦૮ના ઇએમટી કેતનભાઇએ કરતાં પોલીસ કન્ટ્રોલ રૂમના



ઇન્ચાર્જ એલ. બી. ડીંડોર દ્વારા થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ આઇ. એ. બેલીમ સહિતના સ્ટાફે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

આ બનાવમાં મૃત્યુ પામનાર મનસુખભાઇ ટાંક એકલા જ રહેતાં હતાં. તેમને સંતાનમાં ત્રણ દિકરી છે જે સાસરે છે. મનસુખભાઇના ઘરથી થોડે જ આગળ તેમના ભાણેજ રાજેશભાઇ ઘનશ્યામભાઇ પટેલ રહે છે. રાજેશભાઇએ ઘટનાની વિગતો આપતાં જણાવ્યું હતું કે મારા મામા એકલા જ રહેતાં હતાં. અમે તેમને જમવાનું નાસ્તો પહોંચાડતાં હતાં. હું રિક્ષા હંકારી ગુજરાન ચલાવુ છું. રાતે સાડા દસેક વાગ્યે હું સુતો હતો ત્યારે ભાડુઆત તેજસભાઇએ મને કહ્યું હતું કે તમારા મામાના ઘરમાંથી ધૂમાડા નીકળે છે. આથી હું તુરત મારા ઘરથી ત્રણ ઘર દુર આવેલા મામા મનસુખભાઇ ટાંકાના ઘરે પહોંચ્યો હતો.

ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર ફાઇટર આવ્યું હતું. તેણે અંદર જઇ જોતાં મારા મામા દાઝેલી હાલતમાં મળ્યા હતાં. તેમના માથામાં ઇજાના નિશાન પણ હતાં. અમે ૧૦૮ને બોલાવતાં મામાને ડોક્ટરે મૃત જાહેર કર્યા બાદ પોલીસને જાણ કરી હતી. મામા મનસુખભાઇ એકલા જ રહેતાં હોઇ તેમણે કંટાળીને જાતે અગ્નિસ્નાન કર્યુ કે પછી અન્ય કંઇ થયું? તેની અમને ખબર નથી. જો કે ઘરમાંથી કોઇ ચીજવસ્તુ ગાયબ નથી. માથામાં ઇજાના નિશાન છે તે પડી જવાથી થયા કે કેમ? તે પણ અમને ખબર નથી. તપાસનીશ પીએસઆઇ આઇ. એ. બેલીમે જણાવ્યું હતું કે મોતનું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું. આ બનાવને પગલે રૈયાધાર વિસ્તારમાં ચર્ચા જગાવી દીધી હતી.

દરમિયાન આ બનાવ હત્યાનો હોવાનું સ્પષ્ટ થઈ જતાં યુનિવર્સિટી પોલીસે અજાણ્યા શખ્સ સામે મૃતકના ભાણેજ રાજેશભાઈની ફરિયાદ પરથી હત્યાનો ગુનો નોંધ્યો છે. રહસ્ય ઉકેલવા યુનિવર્સિટી પોલીસ, ડીસીબી, એલસીબી ઝોન ૨ ટીમ કામે લાગ્યા છે. હત્યા લૂંટ ચોરીના ઇરાદે થઈ કે અન્ય કારણે? હત્યારા કોણ હત્યાનો હેતુ શું? તેની તપાસ શરૂ થઈ છે.

# સ્વ સહાય જૂથ-સખી મંડળોને લોન-ધિરાણની પ્રક્રિયા સહકારી બેંકો વેગવાન બનાવે : CM

### દર ત્રણ મહિને સમીક્ષા બેઠક યોજવાના દિશા નિર્દેશો : ગુજરાતમાં ૨.૮૪ લાખ સેલ્ફ હેલ્પ ગ્રુપ કાર્યરત : ૨૦૨૫-૨૬ના વર્ષમાં ૮૮૨૦૦ સહાય જૂથોને લોન ધિરાણ લક્ષ્યાંક સામે અત્યાર સુધી ૧૩ હજાર જૂથોને ધિરાણ અપાયું

રાજકોટ, તા. ૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની કો-ઓપરેટીવ બેંકોને ગ્રામીણ સ્વ સહાય જૂથ સખી મંડળો લોન-ધિરાણ આપવાની પ્રક્રિયામાં સરળતા સાથે વધુ ગતિ લાવવાનો અનુરોધ કર્યો છે. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં સહકારી બેંકોના અધ્યક્ષો અને ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની તથા મહિલા-બાળ વિકાસ, ગ્રામ વિકાસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓની સમીક્ષા બેઠકના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતાં આ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વ સહાય જૂથોની બહેનોને આત્મનિર્ભર બનાવવાનો જે નિર્ધાર કર્યો છે તેને આવા વધુ ને વધુ લોન-ધિરાણથી પાર પાડી શકાશે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, સ્વ સહાય જૂથો એવા નાના વ્યવસાય-રોજગાર કરનારા જૂથો હોય છે કે તેમને સહકારી બેંકો જેટલું વધુ ધિરાણ આપે તેટલું ઉત્તમ કામ સેલ્ફ હેલ્પ ગ્રુપ કરી શકે.

રાજ્યમાં ખેતી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ૧.૭૬ લાખ, ઉત્પાદક અને વેપાર સાથે જોડાયેલા ૧૬૬૦૮ તથા અન્ય આજીવિકા સાથે જોડાયેલા ૬૯૭૩ મળીને સમગ્રતયા ૨.૮૪ લાખ ગ્રામીણ સ્વ સહાય જૂથો કાર્યરત છે. આ સ્વ સહાય જૂથોને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન NRLM અન્વયે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વધુમાં વધુ ૨૦ લાખ સુધીની લોન આપવાની જોગવાઈઓ છે. રાજ્ય સરકારની ગુજરાત લાઇવલી પ્રમોશન કંપની આ હેતુસર ગ્રામીણ સ્વ સહાય જૂથોને લોન -ધિરાણ મેળવવામાં મદદરૂપ થાય છે.

કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૫-૨૬ના આ વર્ષમાં ૮૮૨૦૦ સ્વ સહાય જૂથોને ૧૨૪૦ કરોડના ધિરાણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે તેમાંથી ૧૩ હજારથી વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપને ધિરાણ આપી દેવામાં આવ્યા છે તેમ આ સમીક્ષા બેઠકમાં પ્રેઝન્ટેશન દરમિયાન જણાવવામાં આવ્યું હતું.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ સ્વ સહાય જૂથોને ત્વરાએ લોન ધિરાણ સરળતાએ મળી રહે તેવી સંવેદના દર્શાવતા સહકારી બેંકોને આવા લોન-ધિરાણ માટે કેમ્પના જિલ્લા સ્તરે આયોજન માટે પણ



દિશાનિર્દેશો આપ્યા હતા.

એટલું જ નહીં, આવા કેમ્પમાં આવેલી અરજીઓની ઝડપી સ્ક્રુટિની થવાથી લઈને ધિરાણ મળવા સુધીની પ્રક્રિયા રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના માર્ગદર્શનમાં વધુ વેગવાન બનાવવા તથા બેંકોને સ્વ સહાય જુથો પ્રત્યે ઉદારતા રાખીને બિન જરૂરી એક પણ અરજી ના મંજુર ન થાય તે માટે તેમણે તાકીદ કરી હતી. આ માટેનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે તેની પણ બેઠકમાં પ્રાથમિક ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ સહકારી બેંકોના ચેરમેનઓ, એમ.ડી. અને પદાધિકારીઓને ખાસ આગ્રહ કર્યો કે, બહેનોને લોન-ધિરાણ મેળવવાની સમજ આપીને યોગ્ય તાલીમ માટેના વર્કશોપ-કેમ્પ પણ ક્લસ્ટર લેવલે યોજાય તે જરૂરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે કહ્યું કે, સ્વ સહાય જૂથની બહેનો આર્થિક ઉપાર્જન સાથે પરિવારનો આધાર બની રહે છે માટે તેમને આવી લોન અપાય તો તેમના દ્વારા પુનઃ ભરપાઈની સુનિશ્ચિતતા છે જ એટલે સહકારી બેંકોને એન.પી.એ. થવાનો સંદેહ રાખવાની આવશ્યકતા નથી. તેમણે સહકારી બેંકોના અધ્યક્ષો અને રાજ્ય સરકારના સંબંધિત અધિકારીઓ વચ્ચે આવી સમીક્ષા બેઠક ગ્રામ વિકાસ મંત્રી કક્ષાએ નિયમિતપણે દર ત્રણ માસે યોજાય તેવું સૂચન પણ બેઠકમાં કર્યું હતું. આ સમીક્ષા બેઠકમાં રાજ્યની સહકારી બેંકોના અધ્યક્ષો તથા નાણાં અને ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવઓ, નાબાર્ડના ચીફ જનરલ મેનેજર બી.કે. સીંઘલ, SLBCના કન્વિનર અશ્વિની કુમાર, અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જિંદગી ટૂંકાવી લેવાની બે ઘટનામાં બે પરિવારે સ્વજનોને ગુમાવી દેતાં શોકની કાલીમા

# સોની વેપારીએ દૂકાનમાં વખડા ઘોડી મોતને કર્યુ વ્હાલુ

### પત્નિએ કપડા હમણા નહિ સાતમ-આઠમે લેવા જજો એવુ કહેતાં પતિએ ઝેર પી જીવ આપી દીધોઃ મવડી અને વાવડીના પરિવારજનોમાં ગમગીની

રાજકોટ, તા. ૮

આત્મહત્યાની વધુ બે ઘટનાઓ બની હતી. જેમાં શહેરના ભૂપેન્દ્ર રોડ પર દૂકાન ધરાવતાં સોની વેપારીએ દૂકાનમાં જ ઝેરી દવા પી મોત મેળવી લીધુ હતું. જો કે તેમણે આ પગલુ શા માટે ભર્યુ તે રહસ્ય બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી. બીજી ઘટનામાં જેતપુરના સ્ટેશન વાવડી ગામે રહી ખેત મજૂરી કરતાં મુળ એમપીના યુવાનને ગુજરી બજારમાં કપડા લેવા જવું હોઇ પત્નિએ હમણા નહિ સાતમ-આઠમ વખતે કપડા લેજો તેવું કહેતાં બોલાચાલી બાદ યુવાનને માઠુ લાગી જતાં ઝેર પી જીવ આપી દીધો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો મવડી પ્લોટમાં રહેતાં સોની વેપારીએ ઝેરી દવા પી જિંદગી ટૂંકાવી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વેપારીએ ભૂપેન્દ્ર રોડ પર આવેલી પોતાની દૂકાનમાંજ આ પગલુ ભરી લેતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ સારવાર કારગત નિવડી નહોતી. વધુ માહિતી અનુસાર મવડી પ્લોટમાં રહેતાં ત્રેપન વર્ષના વેપારી અશોકભાઇ મુળજીભાઇ જગડા ભૂપેન્દ્ર રોડ પર ઇગલ કોમ્પલેક્ષમાં આવેલી પોતાની દૂકાને હતાં ત્યારે ઘઉમાં રાખવાની ટીકડીઓ પી લીધી હતી. બાદમાં તેમણે મિત્રને ફોન કરી દવા પી લીધાની જાણ કરતાં તેમને તુરજ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

ઘટનાની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, ધર્મેન્દ્રભાઇ, પ્રશાંતભાઇ અને શક્તિસિંહે જાણ કરતાં એ-ડિવીઝનના પીએસઆઇ વડનગરા સહિતના સ્ટાફે હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર વેપારી ચાર ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. જો કે તપાસમાં કોઇ કારણ બહાર ન આવતાં તપાસ



યથાવત રખાઇ હોવાનું તપાસનીશ પીએસઆઇ વડનગરાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે વેપારી ખુબ વેલસેટેડ હતાં અને કોઇ તકલીફ હોવાનું તેમના સગા સ્વજનોએ કહ્યું નથી. દૂકાનમાંથી કોઇ સ્યુસાઇડ નોટ પણ મળી નથી. ઔતમવિધી બાદ સગા સ્વજનોના વિશેષ નિવેદન નોંધવામાં આવશે.

જેતપુરના સ્ટેશન વાવડીમાં ચુનીભાઇ ભુવાની વાડીમાં રહી મજૂરી કરતાં એમપીના જાંબુવા જીલ્લાના સંતોષ કરમશીભાઇ શીંગાળ (ઉ.વ.૨૨) નામના યુવાને ગત તા. ૧ના રોજ વાડીએ બપોરે ઝેર પી લેતાં સારવાર માટે જેતપુર અને બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. થોડુ સારુ થતાં તેનો ભાઇ શબુરભાઇ પોતે છત્તર ગામે ચંદુભાઇની વાડીએ રહેતો હોઇ ત્યાં તેને લઇ ગયો હતો અને સારવાર ચાલુ રાખી હતી. દરમિયાન ગઇકાલે સંતોષની હાલત બગડતાં ફરી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું મોત થયું હતું.

હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, ધર્મેન્દ્રભાઇ, પ્રશાંતભાઇ, શક્તિસિંહે જેતપુર તાલકુા પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર સંતોષ વાવડીમાં ભાગીયુ રાખી ખેતી કરતો હતો. તે બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. સંતાનમાં બે પુત્ર છે. તેને કપડા લેવા જવું હોઇ પત્નિએ સાતમ-આઠમમાં લેજો તેમ કહેતાં બંને વચ્ચે ચડભડ થતાં સંતોષે ઝેર પી લીધાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. બનાવથી મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બીજી તરફ હૃદય રોગનો હુમલો વધુ એક વખત જીવલેણ નીવડ્યો હતો. બોટાદના હરિપર ગઢડા ગામે રહેતાં કરસનભાઇ માલાભાઇ રાઠોડ નામના સાંઇઠ વર્ષના વૃધ્ધ રાજકોટમાં રામનાથપરા શેરી નં. ૫માં પોતાના સગા દિનેશભાઇ સાઠીયાના ઘરે હતાં ત્યારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત જાહેર કરાયા હતાં. હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતું. મૃત્યુ પામનાર કરસનભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં ચોથા હતાં. સંતાનમાં એક પુત્ર અને ચાર પુત્રી છે. તેઓ છુટક મજૂરી કરતાં હતાં અને અગાઉ સિક્યુરીટી ગાર્ડ તરીકે પણ નોકરી કરી હતી. થોડા સમય પહેલા જ બાયપાસ સર્જરી કરવાઇ હતી. અહિ કામ માટે આવ્યા હોઇ હાર્ટએટેક આવી જતાં મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં એ-ડિવીઝન પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

# અર્લી બર્ડ ડિસ્કાઉન્ટ સ્કીમમાં મનપાને ૨૪૭ કરોડની આવક

### ૯૦ હજારથી વધુ મિલકતધારકોએ ઓફલાઈન માધ્યમથી કર્યું ચૂકવણું

રાજકોટ, તા. ૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મિલકતધારકોને મિલકતવેરો ભરવા પ્રોત્સાહિત કરવા માટે દર વર્ષે અર્લી બર્ડ ડિસ્કાઉંટ સ્કીમ જાહેર કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેની અર્લી બર્ડ ડિસ્કાઉન્ટ અમલી હતી. આ સમયગાળા દરમ્યાન યોજના અંતર્ગત કુલ-૩,૪૬,૩૭૩ મિલકતધારકો દ્વારા મિલકત વેરા પેટે કુલ-રૂ.૨૪૭.૫૯ કરોડની રકમભરપાઈ કરવામાં આવી હતી.

આ યોજના અંતર્ગત કુલ-૨,૫૫,૮૬૫ મિલકતધારકો દ્વારા ઓનલાઈન પેમેન્ટ સુવિધાનો ઉપયોગ કરી મિલકતવેરા પેટે રૂ.૧૬૨.૧૯ કરોડની ચૂકવણી કરવામાં આવેલ છે. જ્યારે કુલ રૂ.૮૫.૪૦ કરોડની આવક કુલ-૯૦,૫૦૮ મિલકતધારકો દ્વારા ઓફલાઈન માધ્યમથી ચૂકવણું કરવાથી થવા પામેલ છે.

હાલમાં, ફક્ત અર્લી બર્ડ ડિસ્કાઉન્ટ સ્કીમની જ મુદ્દત પુરી થયેલ છે. જ્યારે વન ટાઈમ ઈસ્ટોલમેન્ટ સ્કીમની મુદ્દત તા.૩૧ જુલાઈના રોજ પુરી થનાર છે. આથી હજી પણ જે મિલકત ધારકોને વેરાની ભરપાઈ કરવાની બાકી હોય તેઓ વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમમાં જોડાઈ બાકી રકમના સરળ હપ્તા કરાવી મિલકત વેરાની ભરપાઈ કરી શકે છે.

### બાકી રહેલા ખેડૂતોએ યોજનાનો લાભ મેળવવા ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવવા તાકીદ

# પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો ૨૦મો હપ્તો થશે રિલીઝ

રાજકોટ, તા. ૮

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના આગામી એટલે કે, ૨૦માં હપ્તાનો લાભ મેળવવા માટે ભારત સરકાર દ્વારા ખેડૂત આઈડી (ફાર્મર રજીસ્ટ્રી)ની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. ૨૦મો હપ્તો રિલીઝ થાય ત્યારે નોંધણી કરાવવાની બાકી હશે, તેવા ખેડૂતો પીએમ કિસાન યોજનાના લાભથી વંચિત રહેશે.

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો આગામી ૨૦મો હપ્તો ટૂંક સમયમાં રીલીઝ થનાર હોઈ સત્વરે નોંધણી કરાવવી આવશ્યક છે. એટલા માટે જ, બાકી રહી ગયેલા ખેડૂતો સત્વરે ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવી શકે તે માટે અત્યારે ગ્રામ્ય કક્ષાએ ઝુંબેશ સ્વરુપે નોંધણી કરવામાં આવી રહી છે.રાજ્યના જે ખેડૂતોએ હજુ સુધી ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવવાની બાકી હોય તેવા ખેડૂતોએ સત્વરે ખેડૂત આઇડીની નોંધણી કરાવવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ખેડૂત લાભાર્થીઓએ સત્વરે નોંધણી કરાવવા માટે ગામના તલાટી કમ મંત્રીશ્રી અથવા ગ્રામસેવકશ્રીનો સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાંત ખેડૂતો જાતે ઘરેથી મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી પણ નોંધણી કરી શકે છે. એટલું જ નહીં, કોમન સર્વિસ સેન્ટર અથવા ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ઓપરેટર મારફતે પણ ખેડૂત નોંધણી કરાવી શકે છે.

### આઠેક મહિના પહેલા પાંચ વર્ષની દિકરી બિમાર પડી ત્યારે જરૂર પડતાં રકમ લીધી હતીઃ લીધી એનાથી વધુ ચુકવી દીધા છતાં પેનલ્ટી માંગી ઘરે આવી માથાકુટ કરી

# વ્યાજખોરીઃ વીસ હજાર માટે છરી બતાવી ડખ્ખો, વાહન પડાવી લેવાયું!

### જામનગર રોડ મારૂતિનગર હાઉસીંગમાં રહેતાં યુવાનના પત્નિની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે પરાપીપળીયાના શખ્સ વિરૂધ્ધ દાખલ કરી એફઆઈઆર

રાજકોટ તા. ૮

વ્યાજખોરીના કિસ્સા અવાર-નવાર સામે આવતા રહે છે. પોલીસ ચામડાતોડ વ્યાજખોરો સામે આકરી કાર્યવાહી કરતી રહે છે આમ છતાં આવા બનાવ અટકતા નથી તે પણ હકિકત છે. વધુ એક આવા બનાવમાં શહેરના જામનગર રોડ પર મારૂતિનગરમાં રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં યુવાને સાતેક મહિના પહેલા પરાપીપળીયાના શખ્સ પાસેથી દિકરીની સારવાર માટે વીસ હજાર રૂપિયા લીધા હોઇ તેની સામે વીસ હજારથી વધુ રકમ ચુકવી દીધી હતી આમ છતાં આ શખ્સે વધુ રકમની ઉઘરાણી ચાલુ રાખી પેનલ્ટી માંગી તેમજ આટલુ ઓછુ હોય તેમ આ યુવાનની ગેરહાજરીમાં તેના ઘરે જઇ તેની પત્નિને ગાળો ભાંડી હતી અને માથે જતાં પૈસાના બદલામાં યુવાનનું મોટરસાઇકલ લઇ જતાં વાત પોલીસ સુધી પહોંચી છે.

આ કિસ્સામાં પ્રાપ્ત માહિતી પર નજર કરીએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે જામનગર રોડ બી.એ. ડાંગર કોલેજ પાછળ મારૂતિનગર હાઉસીંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતાં બાવીસ વર્ષના શારદાબેન રસિકભાઇ પરમારની ફરિયાદ પરથી પરાપીપળીયાના સતિષ જળુ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. શારદાબેન પરમાર પતિ અને બાળકો સાથે રહે છે. તેના પતિ રસિકભાઇ પરમાર ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે રવિવારે રાતે સાડા નવેક વાગ્યે હું ઘરે હતી ત્યારે મારા પતિ બહાર ગયા હતાં. આ વખતે અમારા ઘર પાસે પરાપીપળીયાનો સતિષ જળુ આવેલ અને રસિક ક્યાં ગયો છે? તેમ પુછ્યું હતું.

આથી મેં મારા પતિ કામે ગયા છે તેમ મેં કહ્યું હતું. આ પછી સતિષ જળુએ કહેલું કે મારે તમારા પતિ રસિક પાસેથી વીસ હજાર રૂપિયા લેવાના છે અને તેનો ફોન લાગતો નથી. જેથી હું તેનું આ




હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાઇકલ લેતો જાઉ છું. જેથી મેં તેને કહેલું કે આ મોટરસાઇકલ મારા નામનું છે, તમે લઇ ન જતાં. આમ કહેતાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને મારી સાથે ઝઘડો કરતાં મેં ફોન કરી મારા પતિને જાણ કરી હતી. આ દરમિયાન સતિષ જળુએ મને બેફામ ગાળો દીધી હતી અને અમારી જ્ઞાતિ વિશેષ ખરાબ બોલી માથાકુટ કરી હતી. આ દરમિયાન મારા પતિ આવી ગયા હતાં. તેણે સતિષ જળુને હું તમારા પૈસા આપી દઇશ તેમ કહેતાં સતિષે મારા પતિને પણ ગાળો દીધી હતી.

ત્યારબાદ સતિષે છરી કાઢી બતાવીને મારી નાખવાની ધમકી આપી હતી. દેકારો થતાં માણસો ભેગા થઇ જતાં સતિષ અમારુ બાઇક નં. ૪૪૩૮ બળજબરીથી લઇને ભાગી ગયો હતો. ઝઘડો ચાલુ હતો ત્યારે મેં પોલીસને ફોન કર્યો હોઇ પોલીસની ગાડી આવી ગઇ હતી. જો કે સતિષ એ પહેલા બાઇક લઇને નીકળી ગયો હતો. તેમ વધુમાં શારદાબેને કહેતાં પોલીસ ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ આસી સબ ઇન્સ. જે. એલ. બાળાએ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. આ બનાવ અંગે વધુ માહિતી આપતાં ફરિયાદી શારદાબેનના પતિ રસિકભાઇ ડાયાભાઇ પરમારે જણાવ્યું હતું કે મારી પાંચ વર્ષની દિકરીની તબિય છ આઠ મહિના પહેલા ખરાબ હોઇ સતત તેની દવા ચાલુ રાખવાની હોવાથી મારે રૂપિયાની જરૂર પડતાં પડોશી મારફત સતિષ જળુનો સંપર્ક કરી વીસ હજાર લીધા હતાં. તેની સામે દર મહિને બબ્બે હજાર કરીને વીસથી વધુ ચુકવી દીધા છે. છતાં તે વધુ રકમ અને પેનલ્ટી માંગી હેરાન કરે છે. હું ઘરે નહોતો ત્યારે મારા પત્નિ સાથે માથાકુટ કરી હતી અને મારુ વાહન પણ લઇ ગયો હતો. પોલીસ મને આ ત્રાસમાંથી છોડાવે અને મારુ વાહન પાછુ અપાવે તેવી મારી માંગણી છે.

### પ્રેમ પ્રકરણ નવું હોય કે જુનુ વાત વણસે તો પછી થાય છે ધજાગરા

# યુવતિના ઘેર ડખ્ખો કરી પુર્વ પ્રેમીએ બેફામ ગાળો ભાંડી

### યુવતિ ધર્મના માનેલા ભાઇ સાથે ઉભી હોઇ દાઝ રાખી પુર્વ પ્રેમી અને તેના મિત્રએ માથાકુટ કરીઃ ધર્મના ભાઇની કારમાં પણ તોડફોડ કરી નુકસાન કર્યુંઃ ગાંધીગ્રામ પોલીસે બંનેની ધરપકડની તજવીજ કરી

રાજકોટ તા. ૮
પ્રેમપ્રકરણમાં ડખ્ખા અવાર-નવાર થતાં રહે છે. પ્રેમના પ્રકરણો નવા કોય કે જુના એમાં જો વાત ડખ્ખે ચડે તો પછી માથાકુટ થતી હોય છે અને પોલીસ સુધી મામલો પહોંચતો હોય છે. આવો જ એક ડખ્ખો પોલીસ ચોપડે ચડ્યો છે. જેમાં હાલ રૂખડીયાપરા વિસ્તારમાં રહેતી યુવતિ તેના ધર્મના માનેલા ભાઇ સાથે યુનિવર્સિટી રોડ પર ચાના સ્ટોલ પાસે હતી ત્યારે પાંચ વર્ષ જુનો પ્રેમી અને તેનો મિત્ર તેને જોઇ જતાં તેણીની પાસેથી વાહન ચલાવીને નીકળી ગાળો ભાંડીને ભાગી ગયો હતો. વાત આટલેથી અટકી નહોતી, બાદમાં આ બંને યુવતિના ઘરે પહોંચ્યા હતાં અને ત્યાં તે ન હોઇ ફોન કરી ફરી ગાળો દીધી હતી. આ ઉપરાંત યુવતિના ધર્મના માનેલા ભાઇની કારના કાચમાં પણ તોડફોડ કરી દાઝ ઉતારી હતી.

આ સમગ્ર ઘટના પોલીસ સુધી પહોંચતા ગાંધીગ્રામ પોલીસ દ્વારા એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી. ગાંધીગ્રામ પોલીસે જામનગર રોડ નવી કોર્ટ પાછળ અમી હાઇટ્સમાં રહેતાં નિશીત જગદીશભાઇ મહેતા અને ભગવતીપરાના મયુર ઉર્ફ મયલો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી બંનેને ઝડપી લેવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસ સુત્રોના કહેવા અનુસાર ભોગ બનનાર પચ્ચીસ વર્ષિય યુવતિ હાલ રૂખડીયાપરા વિસ્તારમાં રહે છે. તેણીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. મારા પ્રથમ લગ્ન અમારી જ્ઞાતિના યુવાન સાથે જ્ઞાતિના રીવાજ મુજબ થયા હતાં. સંસાર જીવન દરમિયાન એક દિકરાનો જન્મ થયો હતો જે હાલ નવ વર્ષનો છે.



તેણીએ આગળ જણાવ્યું હતું કે આઠેક વર્ષ પહેલા મેં છુટાછેડા લઇ લીધા હતાં. એ પછી હું ભાડેથી એકલી રહેતી હતી. દરમિયાન મારે નિશીત મહેતા સાથે પંચાયત ચોક ખાતે પહેલીવાર મુલાકાત થઇ હતી. એ પછી અમારી વચ્ચે પ્રેમ થઇ ગયો હતો. અમે ત્રણ વર્ષ સુધી પતિ-પત્નિની જેમ સંબંધ રાખ્યા હતાં. પણ છેલ્લા પાંચ વર્ષથી અમે બંને છુટા થઇ ગયા છીએ. ગત ઓગણીસમી જૂનના રોજ સાંજે પાંચેક વાગ્યે હું મારા ધર્મના માનેલા ભાઇ નિરવ જેન્તીભાઇ ગોહેલ સાથે અમારી કાર લઇ યુનિવર્સિટી રોડ પર માધવ ટી સ્ટોલ ખાતે ગયા હતાં ત્યારે ત્યાં નિશીત અને તેનો મિત્ર મયુર ઉર્ફ મયલો એક્ટીવા પર આવ્યા હતાં અને અમારી બાજુમાંથી પસાર થઇ આ બંને મને ગાળો દઇ જતાં રહ્યા હતાં. બાદમાં મેં નિશીતને ફોન કરતાં અમારી વચ્ચે ગાળાગાળી થઇ હતી. એ પછી ત્રેવીસમી જૂનના રોજ રાતે સાડા દસેક વાગ્યે નિશીત અને મયુર ઉર્ફ મયલો બાઇક પર મારા ઘરે રૂખડીયાપરા ખાતે આવ્યા હતાં. હું ત્યારે ઘરે ન હોઉ નિશીતે મને ફોન કરી તેમજ મયલાએ પણ ફોનમાં બોલાચાલી કરી મારી નાખવાની ધમકી આપી હતી.

ત્યારબાદ બીજા દિવસે બીજા દિવસે એટલે કે ચોવીસમી જૂનના રોજ મને એ વાતની ખબર પડી હતી કે નિશીત અને તેના ભાઇબંધ મયુર ઉર્ફ મયલાએ મેં જેને ધર્મનો ભાઇ બનાવ્યો છે તે નિરવ જેન્તીભાઇ ગોહેલએ પોતાની કાર જલારામ સોસાયટી-૨માં રાખી હોઇ તેના આગળ-પાછળના કાર તોડી નાંખી નુકસાન કર્યુ છે. આ પછી મેં હવે ફરિયાદ નોંધાવવાનુ નક્કી કરી પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં યુવતિએ જણાવતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એસ. આર. મેઘાણી મેડમના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ. બી. ચાવડાએ ફરિયાદ દાખલ કરી આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતાં. આમ જુના પ્રેમપ્રકરણની દાઝ રાખી જુના પ્રેમીએ હાલમાં પોતાની પુર્વ પ્રેમિકાને બીજા યુવાન સાથે જોઇ ડખ્ખો કરતાં આ માથાકુટ પોલીસ ફરિયાદમાં પરિવર્તીત થઇ હતી. જો કે યુવતિના કહેવા મુજબ પોતે જેની સાથે હતી તે યુવાન બીજો કોઇ નહિ પણ ધર્મનો ભાઇ હતો. આમ છતાં દાઝ રાખી પુર્વ પ્રેમીએ માથાકુટ ચાલુ કરી હતી.

### સારી વર્તુણક અને ચૌદ વર્ષની સજા ભોગવી લીધી હોય તેવા કેદીઓને શરતોને આધીન મુક્તિ અપાઇ

## હત્યાના ગુનાના બે પાકા કેદીની સજા માફ કરી રાજકોટ જેલમાંથી મુક્ત કરાયા

રાજકોટ તા. ૮
જેલમાં જે કેદીઓ સારી વર્તુણક ધરાવતાં હોય અન સજા ભોગવતી વખતે અમુક નક્કી થયેલો સમયગાળો તેણે જેલમાં વીતાવી લીધો હોય તો આવા કેદીઓને સરકાર તરફથી સજામાં રાહત મળતી હોય છે અને સજા માફી આપી જેલમાંથી મુક્ત કરવામાં આવતાં હોય છે. રાજકોટ જેલમાંથી હત્યાના ગુનાના આવા બે પાકા કેદીને મુક્ત કરવામાં આવ્યા છે અને તેમને સમાજમાં પુનઃ સ્થાપન માટે જેલતંત્ર તરફથી શુભેચ્છા સાથે વિદાય આપવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો સજાના સમયગાળા દરમિયાન જેલમાં સારી વર્તુણક ધરાવતાં હોય અને આજીવન કેદના ચૌદ વર્ષ પુરા કર્યા હોઇ તેવા હત્યાના ગુનાના બે પાકા કેદીને જેલ મુક્ત કરવામાં આવ્યા છે.પોલીસ મહા નિર્દેશક અને જેલોના ઈન્સપેકટર જનરલ ડો.કે.એલ.એન.રાવ દ્વારા આજીવન કેદની સજા પામેલા અને કોરા ૧૪ વર્ષ પુર્ણ કરેલ હોઈ અને જેલમાં સારી વર્તણુક ધરાવતા કેદીઓને વહેલી તકે માફી મળે તે માટેના હકારાત્મક પ્રયત્નો થકી ગૃહ વિભાગ, ગુજરાત સરકારના આદેશોનુસાર રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હત્યાના ગુનાની કલમો હેઠળ છેલ્લા આશરે પંદર વર્ષથી જેલમાં આજીવન કેદની સજા ભોગવતા પાકા કેદી અડતાલીસ વર્ષના કરમણભાઈ કાનાભાઈ આલ તથા અન્ય એક હત્યાના ગુનામાં પંદર વર્ષથી સજા ભોગવી રહલા પાકા કેદી છપ્પન વર્ષના લીલાભાઈ પુંજાભાઈ બારિયાને શરતોને આધીન કાયમી જેલમુક્ત કરવાનો હુકમ થયો હતો. જેલ તંત્રવાહકોએ આ હુકમ અંતર્ગત આ બંને પાકા કેદીને બીએનએસની કલમ-૪૭૫ હેઠળ બાકીની સજા માફ કરી વહેલી જેલ મુક્તિ અંગે થયેલ હુકમની અમલવારી કરી શરતોને કાયમી જેલમાંથી મુક્ત કરાયા છે. આ બંને કેદીને મુકત કરતી વેળાએ તેમના જેલ જીવનના અનુભવો રેકોર્ડીંગ કરવામાં આવેલ છે તથા તેઓને ધાર્મિક પુસ્તકો તેમજ પોસ્ટની પાસબૂક તથા ખાતામાં જમા થયેલ રકમ આપી સમાજમાં પુનઃસ્થાપિત થવા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં રાજકોટ સેન્ટ્રલ જેલના પીઆઈ એમ.આર.ઝાલા, જેલર વી.કે.પારઘી, કલાર્ક કેવિનભાઈ રૈયાણી,જયેશભાઈ કમેજળીયા વિગેરે દ્વારા કરવામાં આવી હતી. અગાઉ પણ આ રીતે જેલમાંથી કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતાં.

## દસ હજાર આપી દીધા તો'ય રિક્ષાચાલકને ફડાકા મારી ગાળો દઇ ખૂનની ધમકી



રાજકોટ તા. ૮
પૈસા મામલે માથાકુટનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં રિક્ષાચાલક યુવાને દસ હજાર ચુકવી દીધા છતાં તેને બે શખ્સે ગાળો દઇ ફડાકા મારી તેમજ ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં એટ્રોસીટી એક્ટ હેઠળ પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ રી છે. વિગતો પર નજર કરીએ તો કાલાવડ રોડ પર કણકોટના પાટીયે મફતીયાપરામાં બાબા પાનવાળી શેરીમાં રહેતાં રિક્ષાચાલક સાડત્રીસ વર્ષના યુવાન કિશોરભાઇ પુંજાભાઇ પારઘીની ફરિયાદ પરથી ડો. યાજ્ઞિક રોડ પર ઇમ્પિરીયલ પેલેસ હોટેલ પાસે ખોડિયાર ફાયનાન્સના એડ્રેસ પર બેસતાં મિતરાજસિંહ શૈલેન્દ્રસિંહ ગોહિલ અને મહિપાલસિંહ ગોહિલ વિરૂધ્ધ એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે. કિશોરભાઇએ ફરિયદમાં જણાવ્યું છે કે મેં મિતરાજસિંહ ગોહિલ પાસેથી રૂા. ૧૦ હજાર લીધા હોઇ તે આપી દીધા હોવા છતાં મિતરાજસિંહે મને ફોનમાં તેમજ રૂબરૂમાં ભુંડી ગાળો આપી હતી.

આ ઉપરાંત મને મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત બે ફડાકા મોઢા પર મારી દઇ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યો હતો. તેમજ મહિપાલસિંહ ગોહિલે પણ ફોન કરી ગાળો દઇ અપમાનીત કરી લાગણી દુભાવી હતી. એફઆઇઆર દાખલ થતાં તેમાં જણાવાયેલા આરોપો અંગે એસસીએસટી સેલના એસીપી ચિંતન પટેલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## જૂગારના રંગમાં ભંગ પોલીસે ૧૬ને પકડ્યા

### જારીયા ગામે વાડીમાં જૂગાર રમતાં રાજકોટના ૮, મકનપર ગામેથી ૬ અને ગાંધીગ્રામ ઓવર બ્રીજ નીચેથી ૩ ઝપટે ચડ્યા

રાજકોટ તા. ૮
જૂગારના શોખીનો ગમે ત્યાં પત્તા ટીચવા બેસી જતાં હોય છે. પોલીસે વધુ ત્રણ દરોડા પાડી ૧૬ પત્તાપ્રેમીઓને પકડી લીધા હતાં. કુવાડવા તાબેના જારીયા ગામે વલ્લભભાઇ ભવાનભાઇ પીપળીયાની વાડીમાં ક્રાઇમ બ્રાંચે ત્રાટકી વાડી માલિક રાજકોટના શખ્સ સહિત રાજકોટના ૮ જણાને ઝડપી લઇ અડધા લાખની રોકડ કબ્જે કરી હતી. અન્ય બે દરોડામાં આજીડેમ પોલીસે મકનપર ગામેથી છ જણાને અને ગાંધીગ્રામ પોલીસે દોઢસો રીંગ રોડ ઓવર બ્રીજ નીચેથી ત્રણ જણાને જાહેરમાં જૂગટુ રમતા ઝડપી લીધા હતા.

વિગતો જોઇએ તો ક્રાઇમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. જીલુભાઇ ગરચર અને સાથેના હેડકોન્સ. મનિષભાઇ ચાવડાને બાતમી મળતાં જારીયા ગામે દરોડો પાડી વાડી માલિક રાજકોટ સેટેલાઇટ ચોક શ્રીરામ પાર્ક મેઇન રોડ મોરબી રોડના વલ્લભભાઇ ભવાનભાઇ પીપળીયા તથા કુવાડવા રોડ શિવધારા પાર્કના નિલેષ રાઘવભાઇ પાનસુરીયા, પેડક રોડ ગુ.હા. બોર્ડ-૬ના અંકુર ભનુભાઇ અકબરી, મીરા પાર્ક-૧ મોરબી રોડના ધ્રુવીલ ઘેલાભાઇ નાથાણી, કુવાડવા રોડ ડી માર્ટ પાછળ હરિદર્શન-૨માં રહેતાં દિનેશ કેશુભાઇ ડુબરીયા, મોરબી રોડ સતનામ પાર્કના નિલેષ લાલજીભાઇ ભોગાયતા, કુવાડવા રોડ શિવરંજની-૧ના હિતેષ બાબુભાઇ રૈયાણી તથા રેલનગર-૩ના રામદેવસિંહ બાલસિંહ ઝાલાને જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૫૧૧૦૦ની રોકડ કબ્જે લેવાઇ હતી. પોલીસ ઇન્સ. એમ.આર. ગોંડલીયા, એમ. એફ. ડામોર, સી.એચ. જાદવની રાહબરીમાં



પીએસઆઇ એ. એસ. ગરચર અને ટીમે આ કાર્યવાહી કરી હતી.

અન્ય દરોડામાં આજીડેમ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે મકનપર ગામે રામજી મંદિર પાસે પ્રવિણભાઇ મકવાણાના ઘર બહાર જૂગાર રમાઇ રહ્યાની બાતમી મળતાં દરોડો પાડી મકનપરના છગન સામતભાઇ મકવાણા, સંજય રમેશભાઇ મકવાણા, સર ગામના રાજુ નાથાભાઇ રાઠોડ, મકનપરના પ્રવિણ સામતભાઇ મકવાણા અને હરિપરના મનિષ નાનજીભાઇ ચાવડાને ગંજીપાનાનો જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૩૫૦૦ રોકડા કબ્જે લીધા હતાં. એએસઆઇ ડી. એચ. જાડેજા, કોન્સ. કૃષ્ણદેવસિંહ ગોહિલ સહિતે દરોડો પાડ્યો હતો. તેમજે ગાંધીગ્રામ રામાપીર ચોકડીથી શિતલ પાર્કના રસ્તે મહાદેવ પાન સામે ઓવર બ્રીજ નીચે જાહેરમાં જૂગાર રમી રહેલા રૈયાધાર મફતીયાપરાના ગોકળ બચુભાઇ ચાવડીયા, રૈયાધાર રાણીમા રૂડીમા ચોકના અલ્તાફ દાદભાઇ આરબ અને રૈયાધાર પાણીના ટાંકા પાસે રહેતાં માલા મંગાભાઇ ધરગીયાને ગાંધીગ્રામના હેડકોન્સ. સહદેવસિંહ જાડેજા, રવિભાઇ ગઢવી, મશરીભાઇ ભેટારીયા, શબ્બીરભાઇ મલેક સહિતે પકડી લઇ રૂા. ૧૦૪૬૦ની રોકડ કબ્જે કરી હતી. આમ ત્રણ દરોડામાં સોળ પત્તા પ્રેમી જલાઇ ગયા હતાં.

### રાજકોટ, અમદાવાદ, ટંકરાથી રિક્ષાઓ ઉઠાવી હતીઃ એક મોટરસાયકલની પણ કરી હતી ચોરી

## છ માલવાહક રીક્ષા ચોરીનો ભેદ ખુલ્યોઃ ક્રાઇમ બ્રાન્ચે બેને દબોચ્યા

રાજકોટ તા. ૮
શહેરમાં અલગ અલગ સ્થળેથી ચોરાયેલી માલવાહક રિક્ષાઓને ચોરીનો ભેદ ક્રાઇમ બ્રાન્ચે ઉકેલી રાજકોટ તથા અમદાવાદના બે શખ્સને ઝડપી લીધા છે. જ્યારે જામનગરના શખ્સનું નામ ખુલ્યું છે. આ ત્રિપુટીએ રાજકોટ, અમદાવાદ અને ટંકારામાંથી છ માલવાહક રીક્ષા ચોરી હતી. તેમજ એક મોટરસાયકલ પણ ચોરી કર્યું હોવાનું ખુલ્યું છે. બે શખ્સને પૂર્વ બાતમીને આધારે જૂના માર્કેટયાર્ડ નજીક માલધારી સોસાયટીમાંથી ઝડપી લઇ છ માલવાહક રીક્ષા અને એક મોટરસાયકલ કબજે કર્યા છે.

વિગતો પર નજર કરીએ તો શહેર વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે અન-ડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા સુચના મળી હોઇ જે અન્વયે ક્રાઇમ બ્રાન્ચ પોલીસની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી ત્યારે એએસઆઇ વિજયરાજસિંહ જાડેજા તથા પો. હેડ કોન્સ. જયદેવસિંહ પરમાર, પ્રદિપસિંહ જાડેજા, જયરાજસિંહ કોટીલા, તથા પો. કોન્સ સંજયભાઇ ખાખરીયાને મળેલ બાતમી આધારે કરણાભાઇ માલધારી ગાર્ડન હોટલ પાસે આવેલ પરોઠા હાઉસવાળી શેરી પંડીત જવાહરલાલ નહેરૂ શાળા નં ૬૭ પાસેથી બે શખ્સને પકડી લેતાં માલવાહક રીક્ષા ચોરીઓના ભેદ ખુલ્યા છે.

પોલીસે મેહુલ નરશીભાઇ સોલંકી (મારવાડી, ધંધો મૂર્તી બનાવાનું કામ રહે. હાલ અમદાવાદ ગુલબાઇ ટેકરો મારવાડી ઝુંપડાપટ્ટીમાં




મુળ જામનગર સાધના કોલોની મારવાડી વાસ) તથા જગમાલ કમાભાઇ ગંગારામભાઇ પરમાર (સલાટ ધંધો ભંગાર વીણવાનો રહે માલાધારી ગાર્ડન બાપા સીતારામની મઢુલીની બાજુમાં માધાભાઇ દેવીપુજકાના મકાનમાં ભાડેથી રાજકોટ)ને પકડી પૂછપરછ કરતા ત્રીજા શખસ રાહુલ મનસુખભાઇ ઉર્ફે ભનુભાઇ વાઘેલા (રહે. જામનગર)નું નામ ખુલ્યું હતું.

આ ત્રણેયએ મળી રાજકોટ, અમદાવાદ, ટંકારામાંથી એક ઘેરા બ્લ્યુ કલરની અતુલ શક્તિ માલવાહક રીક્ષા કિ.રૂપીયા ૧,૦૦,૦૦૦ની, એક દુધીયા કલરની જુના જેવી અતુલ શક્તિ માલવાહક ઓટો રીક્ષા કિ. રૂપીયા ૪૦,૦૦૦ની, એક દુધીયા કલરની જુના જેવી અતુલ શક્તિ માલવાહક ઓટો રીક્ષા કિ.રૂપીયા ૮૦,૦૦૦ની, એક દુધીયા કલરની જુના જેવી અતુલ શક્તિ માલવાહક ઓટો રીક્ષા કિ.રૂપીયા ૪૦,૦૦૦ની, એક બ્લ્યુ કલરની જુના જેવી અતુલ શક્તિ માલવાહક ઓટો રીક્ષા કિ. રૂપીયા ૭૦,૦૦૦ની અને એક લીલા તથા પોપટી કલરની જુના જેવી અતુલ શક્તિ માલવાહક ઓટો રીક્ષા જેના કિ.રૂપીયા ૧,૦૦,૦૦૦ની ચોરી કરી હતી. ચોરીમાં ઉપયોગમાં લેતા હતા તે ચોરેલું ૫૦ હજારનું હોન્ડા પણ કબ્જે કર્યું છે

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા , તથા અધિક પોલીસ કમીશ્નર મહેન્દ્ર બગડીયા , તથા નાયબ પોલીસ કમીશ્નર (ક્રાઇમ) ડો. પાર્થરાજસિંહ ગોહિલ તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) બી.બી. બસીયાની સૂચના અંતર્ગત ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર એમ.આર. ગોંડલીયા તથા પોલીસ ઇન્સ્પેકટર એમ.એલ.ડામોર તથા પોલીસ ઇન્સ્પેકટર સી.એચ.જાદવ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર એમ.કે. મોવલીયા તથા વી.ડી.ડોડીયા તથા એ.એન.પરમાર તથા એ.એસ.આઇ વિજયરાજસિંહ જાડેજા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર, રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, સંજયભાઇ રૂપાપરા, સુભાષભાઇ ઘોઘારી, જયરાજસિંહ કોટીલા, કુષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઇ સબાડ, પ્રતિકસિંહ રાઠોડ, પો.કોન્સ સંજયભાઇ ખાખરીયા તુલાસીભાઇ ચુડાસમા, તેમજ માલવીયાનગર પો. સ્ટેના પો.કોન્સ ચીત્રકેતુસિંહ ઝાલા, મનીષભાઇ સોઢીયા, જયદિપસિંહ ભટ્ટી દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ મેહુલ અને રાહુલ માલવાહક રીક્ષા ચોરી લાવતા હતા અને વેચવા માટે જગમાલને આપતા હતાં. જો કે જગમાલ સસ્તામાં રિક્ષાઓ વેંચે એ પહેલાં ઝડપી લેવાયા હતાં. બંનેની વધુ પૂછતાછ ચાલુ છે.

### વિશ્વ વિખ્યાત યુ. એન. મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરની ઓપીડીનો આરંભ

# હૃદયરોગની સારવાર હવે વિનામુલ્યે સિવિલમાં ઉપલબ્ધ

### તબિબી અધિક્ષક ડો. મોનાલી માકડીયા અને સેન્ટરના ઇન્ચાર્જ આરએમઓ ડો. જસ્મીન પટેલે કહ્યું-રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના હૃદયના દર્દીઓ માટે ઓપીડી ખુબ સુવિધાજનક બની રહેશે

રાજકોટ તા. ૮
શહેરની પીડીયુ હોસ્પિટલમાં માત્ર રાજકોટ જ નહિ સૌરાષ્ટ્રભરના દર્દીઓ સારવાર નિદાન માટે આવે છે. દર્દીઓને તમામ સારવાર વિનામુલ્યે મળી રહે તે માટે સરકારના સહકારથી અહિ અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. હવે સિવિલ હોસ્પિટલમાં લાંબા સમયથી બંધ થયેલી હૃદયયરોગની સારવાર પણ શરૂ થઇ ચુકી છે. આ માટે અમદાવાદની વિશ્વ પ્રસિધ્ધ યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના તબીબોની ઓપીડીનો આરંભ કરી દેવામાં આવ્યો છે. હવેથી હૃદયરોગના દર્દીઓને છેક અમદાવાદ સુધી ધક્કો નહિ થાય તેમ તબિબી અધિક્ષક ડો. મોનાલી માકડીયા અને યુ. એન. મહેતા રિસર્ચ સેન્ટરના આરએમઓ ડો. જસમીન પટેલે જણાવ્યું હતું.











વિગતો જોઇએ તો સિવિલ હોસ્પિટલમાં હૃદયરોગના દર્દીઓનું નિદાન સારવાર શરૂ કરી દીધા છે. સિવિલ હોસ્પિટલમાં આજથી હૃદયરોગની આ ખાસ સારવાર શરૂ થઇ જતાં હવે દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં જવું નહિ પડે અને છેક અમદાવાદ સારવાર માટે જવું પડતું હતું તે ધક્કો પણ નહિ થાય. તેમ તબિબી અધિકક્ષક ડો. મોનાલી માકડીયા અને યુ.એન. મહેતા રિસર્ચ સેન્ટરના ઇન્ચાર્જ આરએમઓ ડો. જસ્મીન પટેલે જણાવ્યું હતું. ગુજરાત સરકાર દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે અમદાવાદની વિશ્વ વિખ્યાત યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે સેટેલાઇટ યુનિટ શરૂ કરવા મંજૂરી આપતા આજથી સિવિલ હોસ્પિટલ સ્થિત. પી.એમ.એસ.એસ.વાય. બિલ્ડીંગના પહેલા માળે શરૂ થઇ ચુકી છે.

વધુ માહિતી અનુસાર આ ઓપીડીમાં સવારે ૯ થી સાંજના ૫ સુધી હૃદયરોગ સંબંધી ઓપીડી સેવાનો લાભ દર્દીઓ લઇ શકશે. સિવિલ અધિક્ષક ડો. મોનાલી માક્ડીયાના જણાવ્યા મુજબ અમદાવાદની પ્રખ્યાત યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યુટના સહયોગથી હૃદયરોગના દર્દીઓનું નિદાન કરી આપવામાં આવશે. ઓ.પી.ડી. નો સમય સોમવારથી શનિવાર સવારે ૯ કલાકથી બપોરે ૧ વાગ્યા સુધી રહેશે. તેમજ બપોરે ૪ થી ૫ કલાક દરમ્યાન ફોલોઅપ ઓ.પી.ડી. કરવામાં આવશે. રવિવાર તેમજ જાહેર રજાને બાદ કરતા આ સેવાનો લાભ દર્દીઓને મળશે.

તબિબી અધિક્ષક ડો. મોનાલી માકડીયાએ વધુમાં કહ્યુ હતું કે અત્યાર સુધી હૃદય સંબંધીત સારવાર માટે દર્દીઓને છેક અમદાવાદ જવું પડતું હતું. પણ હવે અહિ જ રાજકોટ સિવિલમાં આ ઓપીડી શરૂ થઇ જતાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના દર્દીઓને ઘણી રાહત રહેશે. ઇન્ચાર્જ આરએમઓ ડો. જસ્મીન પટેલે જણાવ્યું હતું કે આજથી શરૂ થયેલી ઓપીડીને કારણે હવે હૃદયના દર્દીઓને વિનામુલ્યે સારવાર માટે છેક અમદાવાદ સુધી ધક્કો નહિ થાય, રાજકોટ સિવિલમાં જ તેમને વિનામુલ્યે સારવાર મળી રહે તેવી સરકારે ખુબ સારી વ્યવસ્થા કરી છે. આજથી શરૂ થયેલી ઓપીડીમાં કાર્ડિલોજીસ્ટ, કાર્ડિયાક રેસીડેન્ટ, નર્સિંગ, મેડીકલ, પેથોલોથી સહિતનો સ્ટાફ ઉપલબ્ધ છે. આગળ જતાં વધુ સ્ટાફની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. હૃદયના દર્દીઓને હવે કાયમને માટે અહિ સિવિલમાં જ સારવાર મળતી રહે તે માટે આ ઓપીડી નિયમીત ચાલુ રહે તેવી આશા રાખીએ.

# ત્રાસજનક હાઈ-વે પર ટોલટેક્સ ન વસૂલી શકાય : મેવાણી

## રાજકોટ-જેતપુર હાઈવેના ગોકળગાય ગતિએ ચાલતા કામથી લોકોને પડી રહી છે મુશ્કેલી જે અંગે કોંગ્રેસ પક્ષ દ્વારા રાજકોટ કલેકટર કચેરીનો કરાયો ઘેરાવ : ધારાસભ્ય જીગ્નેશ મેવાણી રહ્યા હાજર



રાજકોટ, તા. ૮

કોંગ્રેસ દ્વારા રાજકોટ જેતપુર હાઈવે અંગે કલેકટર કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો આ કાર્ય વાહીમાં કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી ની આગેવાનીમાં જનહિત હાઈવે હકક આંદોલન સમિતિ દ્વારા રેલી કાઢી કલેકટર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા અને કલેક્ટરને રજૂઆત પણ કરી હતી. કલેકટર સાથેની બેઠકમાં ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે હાલ આ હાઈવે પર વાહનચાલકોને ભારે મુશ્કેલી અને તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. કોંગ્રેસ પાર્ટી એ ભાજપ સરકાર પર આરોપો લગાવતા કહ્યુંકેભાજપ સરકાર ચોર હે ના નારા લગાવી કેન્દ્રીય પરીવહન મંત્રી નિતિન ગડકરીનાં બદલે ગડુ કરી નામનાં પોસ્ટર દર્શાવી ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામા આવ્યુ હતુ. જિલ્લા હાઈવે રોડ સેફટીના વડા તરીકે કલેક્ટરની ફરજ બને છે કે તેઓ તાત્કાલિક નિર્ણય લઈ ગઇઅંઈ , ટ્રાફિક પોલીસ વડા, પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટર અને ટોલ સંચાલન કરતી એજન્સી પર તેમની જવાબદારીઓ મુજબ કામગીરી ફિક્સ કરાવવી જોઈએ અને તાકીદે અસરકારક પગલાં લેવા માટે દબાણ બનાવી લોકોને સલામત માર્ગ વ્યવસ્થા પૂરી પડવું જોઈએ તેવી માંગ કરી હતી ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ મીડિયામા સરકાર પર પ્રહારો કરતા જણાવ્યુ હતું કે હવે માત્ર બેઠક નહિ, પ્રતિકાર્ય દેખાવુ જોઈએ અન્યથા જોયા જેવી થશે. હાઈવે ઓથોરિટી, કોન્ટ્રેક્ટર અને તંત્ર દ્વારા રોડ સેફ્ટીનુ મેન્યુઅલનુ પાલન કરાતું નથી તેવા ગંભીર બેદરકારી ધરાવતા આક્ષેપો આગેવાનોએ તંત્ર પર કર્યા હતા.

માત્ર ૩૫ કિ.મી.ના અંતરે બે ટોલબૂથ કાર્યરત છે,જે માર્ગ અને પરિવહન મંત્રાલયના નિયમોનો ખુલ્લો ભંગ છે.બે ટોલબૂથની મળીને અંદાજિત વાર્ષિક આવક ૧૪૦ કરોડથી વધુ તેમ છતાં માર્ગ દયનીય કેમ છે ? ગઇઅંઈ ના િીહય ૮ ૯ મુજબ અપૂર્ણ હાઈવે પર ટોલ વસૂલાત શક્ય નથી છતાં વસૂલાત કેમ ચાલુ છે ? તંત્રની બેદરકારીથી અવારનવારના અકસ્માતોમાં અનેક નિર્દોષો પ્રાણ ગુમાવી ચૂક્યા છે તેના જિમ્મેદાર કોણ ? દરરોજના ટ્રાફિક જામથી વાહનચાલકોના સમયનો અને ઈંધણનો વ્યર્થ તેમજ વાહનને થતી નુકસાનની ભરપાઈ કોણ કરશે ? તેવા વેધક સવાલો કર્યા હતા.

આ કાર્યક્રમમા કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી,લાલજી દેસાઈ,ગાયત્રીબા વાઘેલા,પાલ આંબલીયા તેમજ આ સમિતિના કન્વીનરો અશોકસિંહ વાઘેલા,રોહિત રાજપુત,ધરમ કાંબલિયા,સંજય અજુડીયા,અજીત વાંક,વિજયસિંહ જાડેજા ,અંકિત સોંદરવા સહિત શહેર અને જિલ્લા કોંગ્રેસના પ્રમુખ રાજદીપસિંહ જાડેજા,હિતેશ વોરા,તેમજ ડીપી મકવાણા, નયનાબા જાડેજા,રણજીત મુંધવા,ઠાકરશી ગજેરા,મથુર માલવી,કેતન તાળા,દીપુ રવિયા,જીત સોની,અમિત ચૌધરી,યશ ભિંડારો,રોનક રવૈયા,હેત પટેલ સહિત આગેવાનો અને મોટી સંખ્યમાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

### કલેકટર સમક્ષ કરી વિવિધ માંગો

હાઈવેનું ૧૦૦% કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી ટોલ વસૂલાત તાત્કાલિક બંધ કરાય અને બિસ્માર વૈકલ્પિક માર્ગની મરામત તાકીદે કરવામા આવે , સાથે ખોટી વસૂલાત માટે ટોલ સંચાલકો સામે કાયદેસર કાર્યવાહી થાય. બે ટોલ પ્લાઝા વચ્ચેના અંતરના નિયમો મુજબ સમીક્ષા કરવામાં આવે. ટ્રાફિક સમસ્યા હલ કરવા માટે ટ્રાફિક પોલીસ, કોન્ટ્રાક્ટર અને ગઇઅંઈ વચ્ચે સંકલિત કામગીરી થાય. બિનકાયદેસર દબાણ દૂર કરવા તાત્કાલિક કાર્યવાહી થાય. માલવાહક અને સામાન્ય વાહનો માટે વિકલ્પરૂપ સ્મૂથ રૂટ બનાવવામાં આવે.ટોલ વસૂલાત માટે કયા કરાર હેઠળ, કઈ તારીખથી અને કેટલા સમય માટે મંજૂરી આપવામાં આવી છે તેનો જાહેર ખુલાસો થાય.

---

રાજકોટ મિરર સાથેની વાતચીતમાં પી.ટી.જાડેજાના સૂપુત્ર અક્ષિતસિંહ જાડેજાએ કહ્યું ન્યાય માંગવા હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

# પી.ટી.જાડેજાને પાસામાં ધકેલવાના નિર્ણયને હાઈકોર્ટમાં પડકારાયો

## હાઈકોર્ટે સરકાર અને રાજકોટ પોલીસ કમિશનરને નોટિસ બજાવ્યાની મળી વાત : પી.ટી.જાડેજા તરફથી હાઈકોર્ટના સુપ્રસિદ્ધ સિનીયર ધારાશાસ્ત્રી આશિષ ડગલીને રોકવામાં આવ્યાનું મળ્યું જાણવા



રાજકોટ, તા. ૮

ગુજરાતના ક્ષત્રિય સમાજના આગેવાન તરીકે જાણિતા પી.ટી. જાડેજાને પાસા તળે સાબરમતી મોકલવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, મંદિરમાં આરતી ન કરવા બાબતે ધાક-ધમકી આપ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. પરિણામ સ્વરૂપે પોલીસ દ્વારા ગુજરાત પ્રીવેન્સન ઓફ એન્ટિસોશિયલ એક્ટિવિટી એક્ટ હેઠળ પી.ટી. જાડેજાની ધરપકડ કરવામાં આવી હતી અને તેઓને સાબરમતી જેલમાં મોકલવામાં આવ્યા. જે બાદ સમગ્ર ક્ષત્રિય સમાજમાં ભારે રોષ વ્યાપી ઉઠયો હતો. એટલું જ નહિ સમાજના આગેવાનો દ્વારા મામલતદાર, કલેક્ટર તથા પોલીસ કમિશનરને ઠેરઠેર આવેદન આપવામાં આવ્યું હતું. એટલું જ નહિ ક્ષત્રિય આગેવાનો દ્વારા એવું પણ કહેવામાં આવ્યું કે, સરકારે ઉતાવળિયું અને ખોટું પગલું ભર્યું છે. ત્યારે ન્યાય મેળવવા પી.ટી.જાડેજાના સુપુત્ર અક્ષિતસિંહ જાડેજાએ રાજકોટ મિરર સાથે વાતચીત કરતા જણાવ્યુ કે, હવે હાઈકોર્ટ પાસે ન્યાયની આશા છે. એટલે જ હાઈકોર્ટના દ્વાર ખખડાવામાં આવ્યા છે. બીજી તરફ ગુજરાત હાઈકોર્ટે પણ સરકાર અને રાજકોટ શહેર પોલીસ કમિશનરને નોટિસની બજવણી કરી છે.

ક્ષત્રિય આગેવાન પી.ટી.જાડેજા તરફથી હાઈકોર્ટમાં સુપ્રસિદ્ધ સિનિયર ધારાશાસ્ત્રી આશિષ ડગલીને રોકવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. ક્ષત્રિય સમાજના આગેવાનો દ્વારા માત્ર રાજકોટ જ નહિ પરંતુ રાજ્યભરમાં કલેક્ટર, પોલીસ કમિશનર તથા ટોચના અધિકારીઓને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે. જેમાં પી.ટી.જાડેજાની એકાએક સામાન્ય કેસમાં પાસા હેઠળ ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવ્યા તે વાત ગળે ઉતરતી નથી અને પરિણામ સ્વરૂપે વ્યાપક પ્રમાણમાં આ અંગે ક્ષત્રિય સમાજમાં રોષની લાગણી જોવા મળી રહી છે. આગેવાનોનું માનવું છે કે, આ બનાવટી કેસ ઊભો કરવામાં આવ્યો છે. ત્યારે સરકાર આ કેસને રદ કરે સાથો સાથ ક્ષત્રિય સમાના આગેવાનોએ આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, જો સરકાર આ કેસ રદ નહિ કરે તો સ્પષ્ટ કિન્નાખોરી સાબિત થશે. હાલ, પી.ટી. જાડેજાના પરિવાર દ્વારા હાઈકોર્ટના દ્વાર ખખડાવામાં આવ્યા છે. તેનાથી એ વાત તો સ્પષ્ટ છે કે, હવે કાનુની જંગ ચાલશે. માત્ર રાજકોટ જ નહિ પરંતું અમદાવાદ, વડોદરા જેવા શહેરોમાં ટોચના અધિકારીઓને આ અંગે ક્ષત્રિય સમાજના આગેવાનો દ્વારા આવેદન પાઠવવામાં આવ્યું હતું. માત્ર પુરૂષો જ નહિ એટલે કે ક્ષત્રિય સમાજની મહિલા વિંગ પણ મેદાનમાં ઊતરી છે. સાથોસાથ વડોદરામાં તો ઉગ્ર આંદોલન કરવાની ચિંમકી ઉચ્ચારવામાં આવી.

રાજ્યના ક્ષત્રિય સમાજના આગેવાનો દ્વારા પી.ટી.જાડેજા સાથે લગાવવામાં આવેલા આરોપને દૂર કરી પાસા રદ કરવાની ઉગ્ર માંગ ઉઠી રહી છે.

---

# પૂરતું પાણી નહીં તો વેરો પણ નહિ

## વોર્ડ નંબર ૧૧ના હાઈરાઈઝ-લોરાઈઝ બિલ્ડીંગના રહેવાસીઓએ મેયરને કરી રજૂઆત પૂરતું પાણી ન મળતું હોવાની વ્યાપક ફરિયાદ

રાજકોટ, તા. ૮

મહાનગરપાલિકાની કામગીરીથી શહેરના વિવિધ વિસ્તારના લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે ત્યારે ગઈકાલે રાજકોટ મહાનગરપાલિકાના મેયરને મળવા અનેકવિધ રહેવાસીઓના પ્રમુખો આવી પહોંચ્યા હતા અને ફરિયાદ કરતા જણાવ્યું હતું કે હાલ ટેર્નામેન્ટમાં જે રીતે પાણી આપવામાં આવે છે તેના પરિપક્ષમાં હાયરાઇઝ બિલ્ડિંગમાં પાણી ઓછું આવે છે અને વેરો વધારે વસૂલવામાં આવતો હોય છે એટલું જ નહીં નવા એપાર્ટમેન્ટ ને નળ કનેક્શન ન મળ્યું હોય તો પણ વેરો લેવામાં આવતો હોવાથી લોકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. તંત્રની આ નીતિની સામે હા ઈરાઇસ બિલ્ડીંગ એસોસિએશન જાણે મેદાનમાં આવ્યું હોય તેવી રજૂઆત કરવામાં આવી હતી એટલું જ નહીં તેઓએ ચીમકી પણ ઉચ્ચારી



હતી કે જો યોગ્ય સમય માટે પાણી આપવામાં નહીં આવે તો વેરો પણ નહીં ભરાય સાથોસાથ ઘણા ખરા રોડ રસ્તાઓની સ્થિતિ પણ બીમાર છે જેને ઝડપથી નિવારવા માટે પણ રજૂઆત કરવામાં આવી હતી.

મહાનગર પાલીકાના વોર્ડ નં.૧૧ ના એસોસીએશન ના જુદા જુદા વિસ્તારના હાઈરાઈસ લોરાઈસ ફ્લેટનાં તમામ પ્રમુખ ઉપપ્રમુખ મળીને કુલ ૧૩૫ સભ્યોનુ એસોસીએશન છે. એસોસિએશને રજૂઆત કરી છે કે, જુદા જુદા વિસ્તારમાં જે ટેનામેન્ટમા પાણીનું કનેકશનની સાઈઝનુ ફાળવવામાં આવે છે તેના પાણી વેરાની તુલનામાં લો-હાઈરાઈસ ફફ્લેટ માં ૧ થી ૪ સુધીની લાઈનના જે કનેકશન ફાળવવામાં આવે છે તેનો પાણી વેરો વધુ છે અને પાણી જે ૨૦ મીનીટ આપવામાં આવે છે તે પુરા કોર્સ થી આવતું ના હોય આ પાણી રહેવાસીઓને ખૂબ જ મોંઘુ પડે છે.

મહાનગર પાલીકાનું પાણીનું ઘણું ડોળુ અને ફીણવાળું ગંદુ આવે છે આ અંગે અવારનવાર રજુઆત કરવા છતા કોઈ નિરાકરણ આવ્યું નથી. જે લોકોના સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક પણ માનવામાં આવે છે. કણકોટ રોડ તથા ગર્વમેન્ટ એન્જીન્યરીંગ કોલેજ તરફ ઘણી હાઈરાઈસ બિલ્ડીંગો બની ગયેલ છે અને વસવાટ પણ ચાલુ થઈ ગયેલ છતા તેમ છતા મુળભુત જરૂરીયાતો જેવી કે પાણી, ગટર,સફાઈ,ભુગર્ભ, રસ્તા. સિંચાઈ વગેરે કોઈ સગવડ આપવામાં આવેલ નથી છતા વેરો વસુલવામાં આવે છે . ત્યારે એવી પણ રજૂઆત કરવામાં આવી કે અગાઉ પણ આ બાબતે તંત્રને ધ્યાન દોરવામાં આવ્યું હતું છતાં કોઈ નક્કર પરિણામ આવ્યું નથી . મેયર ને રજૂઆત કરતા એસોસીએશનના સભ્યોએ જણાવ્યું હતું કે આ તમામ મુદ્દાઓનો તાકીદે નિકાલ આવે તે ખૂબ જરૂરી અને મહત્વનો છે.

---

# શીતલ પાર્ક નજીક સરકારી જગ્યા કરાઈ ખુલ્લી

## દુકાનો, ફિલ્ટર પ્લાન્ટ-ગોડાઉન પર પશ્ચિમ મામલતદારે હાથ ધર્યું એક્શન

રાજકોટ, તા. ૮

રાજકોટ શહેર અને જિલ્લામાં હાલ ડિમોલિશનની કામગીરી ચાલી રહી છે ત્યારે નવા કલેક્ટરે પણ આ ઝુંબેશને વધુ તીવ્ર બનાવવા માટેના આદેશો આપી દીધા છે. એટલું જ નહીં આગામી દિવસોમાં પણ શહેર અને જિલ્લામાં પણ આ પ્રકારના જે ગેરકાયદે બાંધકામો હશે કે જેનો ખડકલો કરવામાં આવ્યો હોય તેને દૂર કરાશે આ અંગે તંત્ર દ્વારા કોઈપણ પગલું નરમાશથી લેવામાં આવશે નહીં તેવું જણાવવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ રહ્યા વિસ્તારમાં આશરે ૩૦૦૦ ચોરસ મીટર સરકારી જગ્યા પર દબાણો થયા હોવાનું માલુમ ફરતા જ હાલ જિલ્લા કલેક્ટર દ્વારા આ દબાણોને દૂર કરવા માટેની કામગીરી શરૂ કરી દીધી હોવાનું માલુમ પડ્યું છે અને આશરે ૧૫ કરોડથી વધુની કિંમત હોવાનું



પણ હનુમાન લગાવવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશની સૂચના અને પ્રાંત અધિકારી ડો. ચાંદની પરમારના માર્ગદર્શન હેઠળ રાજકોટ પશ્ચિમ મામલતદાર અજિત જોશી અને તેમના સ્ટાફ દ્વારા ગઈકાલે વહેલી સવારે રૈયા વિસ્તારમાં આવેલી આશરે ૩૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન પરના દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ જમીનની અંદાજિત કિંમત રૂ. ૧૫ કરોડથી વધુ આંકવામાં આવી રહી છે. રૈયાના સરકારી સર્વે નંબર ૩૧૮ માં શીતલ પાર્કથી રૈયાધાર તરફ જવાના રસ્તા પર આ દબાણો છેલ્લા ૨૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી હતા. આ દબાણોમાં પાંચ જેટલી દુકાનો, બે ફિલ્ટર પ્લાન્ટ અને પાંચ જેટલા ગોડાઉનનો સમાવેશ થતો હતો, જે તમામ વાણિજ્યિક હેતુ માટે ઉપયોગમાં લેવાતા હતા.

દબાણકર્તાઓને અગાઉ નોટિસ આપવામાં આવી હોવા છતાં, તેમના દ્વારા જગ્યા ખાલી કરવામાં આવી ન હતી. આથી, આજે વહેલી સવારે પશ્ચિમ મામલતદારની ટીમ દ્વારા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ ડિમોલિશન કામગીરી દરમિયાન પશ્ચિમ મામલતદાર અજિત જોશી, સર્કલ ઓફિસર સહિતના અધિકારીઓ તેમજ પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. રાજકોટ શહેર અને જિલ્લામાં પણ હાલ ખૂબ વ્યાપક પ્રમાણમાં દબાણો જોવા મળી રહ્યા છે જેને દૂર કરવા માટે અત્યારથી જ ફરી સક્રિય કામગીરી કરવાનો નિર્ણય લેવામાં આવેલો છે અને પરિણામ સ્વરૂપે હાલ રાજ્ય સરકાર અને તંત્રને પણ ખાંસી સફળતા પણ મળી છે.

cheers+
Multi Speciality Hospitals
Ahmedabad / Rajkot

અમદાવાદના નામાંકિત સ્પાઈન અને દુ:ખાવાનાં સ્પેશ્યાલીસ્ટ

રાજકોટમાં

૦૯-૦૭-૨૦૨૫, બુધવાર
સવારે ૧૧.૦૦ વાગ્યા થી




Dr. Shirazahmed Munshi
M.B.B.S., D.Ortho., FIAPM.,
DNB (Fellow), FIPP- USA
Fellowship- Spine Endoscopy
(Pune, USA, Japan)

લાંબો સમય ઊભા રહેવામાં કે ચાલવામાં તકલીફ છે ?
+ પગમાં કે કમરમાં દુ:ખાવો થવો + પગ ભારે થઈ જવા, ખાલી ચડી જવી + ગાદી પર ચાલતા હોય તેવો ભાસ થવો... આ તકલીફ સ્પાઈનલ સ્ટેનોસીસ હોય શકે છે

દૂરબીન વડે ગરદન અને કમરના મણકાની સારવાર

સ્પાઈન સ્ટેનોસીસ/સ્લીપ ડીસ્ક-સાયટીકાની દૂરબીન વડે ઓપરેશન વગર સારવાર

::ફાયદાઓ:
- ચીરફાડ કે મણકા ખોલવાની જરૂર નથી (જેથી ફરીથી મણકાની તકલીફ ખૂબ ઓછી થાય)
- દર્દીને બેભાન કરવાની જરૂર નથી (જેથી ઓપરેશનમાં લકવો થતો નથી)
- ઓપરેશન બાદ તુરંત રજા (મોટી ઉંમરના, ડાયાબિટીસ, બીપી, હૃદયની તકલીફવાળા દર્દીઓ માટે આશીર્વાદરૂપ

મેડિક્લેઈમ માન્ય સારવાર

અમર સ્પેશ્યાલીટી
- પેઈન મેનેજમેન્ટ
- એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જરી
- ઓર્થોપેડિક્સ
- યુરોલોજી
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ એન્ડ પોલી ટ્રોમા
- ઓન્કોલોજી એન્ડ ઓન્કોસર્જરી
- ન્યુરોલોજી એન્ડ ન્યુરો સર્જરી
- મેડિસીન

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો
+91 9898745145

હિલ વેલ હોસ્પિટલ બિલ્ડિંગ, બી.એ.પી.એસ. મંદિર સામે, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.
Info.rajkot@cheershospital.com www.cheershospitals.com